ॐ
મા
ॐ




ॐ
મા
ॐ

# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ॐ ભૂર્ભુવઃ સ્વઃ ॐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ॐ ॥

(વર્ષ ૨૧) ઓક્ટોબર - ૨૦૦૨ (અંક ૨)

॥ ૐ મા ૐ ॥ ॥ જય ગાયત્રી મા ॥ ॥ ૐ મા ૐ ॥

વર્ષ : ૨૧
અંક : ૨

# આધ્યાત્મિક કેડી

ઓક્ટોબર
૨૦૦૨

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦૦૧૫.



## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | માતાજીએ મને જગાડ્યો | ૧ |
| ૨. | માનવતા દિન | ૩ |
| ૩. | સેવા એક તપ છે | ૬ |
| ૪. | જન્માષ્ટમી મહોત્સવ | ૭ |
| ૫. | જનનીની ચિર વિદાય | ૯ |
| ૬. | સ્વરક્ષણ મંત્ર - સીમા સુરક્ષા | ૧૦ |
| ૭. | વિરાટના ડગ | ૧૨ |
| ૮. | રામનવમી ઉત્સવ | ૧૩ |
| ૯. | વન્દે પંચ્ચકમ્ | ૧૬ |
| ૧૦. | સમષ્ટિના શ્રેયાર્થે - વર્ષા મંત્ર | ૧૯ |
| ૧૧. | ગુરુ પૂર્ણિમા મહોત્સવ | ૨૦ |
| ૧૨. | પ્રેમનો પ્યાલો દીધો તે પી ગયો | ૨૬ |
| ૧૩. | સાદર પ્રણામ | ૨૭ |
| ૧૪. | ૨૦૦૨ની જન્માષ્ટમીની દિવ્યાનુભૂતિની ક્ષણો | ૨૯ |
| ૧૫. | પગલાં સેવાના | ૩૦ |
| ૧૬. | પરમની હાટડી - નિલોષા | ૩૧ |
| ૧૭. | જીવનની પ્રત્યેક પળ પરમની બનાવીએ | ૩૨ |
| ૧૯. | સમાચાર | ટાઈટલ-૩ |
| ૨૦. | નૂતનવર્ષાભિનંદન | ટાઈટલ-૪ |


ૐ મા ૐ

વાર્ષિક લવાજમ
રૂપિયા વીસ (૨૦/-)

પ્રકાશક
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
**શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,**
'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.

visit us at :
**www.rajyoginarendraji.com**

# માતાજીએ મને જગાડ્યો

તા. ૪-૯-૨૦૦૨

તા. ૩-૯-૨૦૦૨ મંગળવારે રાતે હું મારી રૂમમાં ભરનિંદ્રામાં હતો. સૂતી વખતે જ અનાયાસે ઠંડક હોવાથી મારૂં ઓશીકું મેં પંખા નીચેથી ફેરવી નાખ્યું હતું. મારા જમણા પગનો પંજો હલાવી કોઇ ઉઠાડવાની ચેષ્ટા કરતું હોય તેમ મને લાગ્યું. હું જાગી ગયો. રૂમમાં ફક્ત નાઇટ લેમ્પનું જ આછું અજવાળું હતું પરંતુ માતાજીનું મુખારવિંદ ઝળાહળાં થઇ રહ્યું હતું. રૂમમાં દિવ્ય પ્રકાશ અને સુવાસ પ્રસરી રહી હતી.

હું સફાળો બેઠો થઇ ગયો. માતાજીએ પલંગમાં આસન ગ્રહણ કર્યું. હું માતાજીના ચરણમાં બેસી ગયો. વંદન કરી ગોઠણ પર મસ્તક ટેકવી દીધું. માતાજીએ વ્હાલ કરી, મને હળવેથી પકડીને પલંગમાં તેમની બાજુમાં બેસાડી દીધો. હું ભાવ સમાધિમાં હતો. માતાજીએ મારા વાંસે અને મસ્તક પર નિજ મૃદુ હસ્ત પસરાવી વ્હાલપની વર્ષા કરી. માતૃવાત્સલ્યની એ મધુરી મીઠાશ મારા રોમેરોમની પુલકિત કરી રહી છે. વાત્સલ્ય વરસાવતાં વરસાવતાં જ કાર્યયજ્ઞ વિશે વિવિધ વાતો કરી, મને માર્ગદર્શન આપ્યું.

પછી માતાજી પલંગમાંથી ઉઠીને સોફામાં જઇને બેઠાં. હું પણ માતાજીના ચરણાર્વિંદમાં મસ્તક ટેકવીને વંદન કરતો બેસી ગયો. વાત્સલ્યની અમીધારા વહી રહી હતી. હું ભીંજાઇ રહ્યો હતો. શબ્દો ન હતા. વાણીનું વહેણ ન હતું. નર્યો પ્રેમ નીતરતો હતો.

થોડીવાર પછી માતાજી સોફામાંથી ઉભા થઇ બાજુમાં ટેબલ પાસે ગયાં. માતાજીએ એક હાથે ટેબલ પર બદામની ઢગલી કરી. ફરીથી તેમના હાથમાં કંકુ આવી ગયું અને માતાજીએ ટેબલ પર કંકું પધરાવ્યું. ટેબલ પાસે ઉભાં હતાં ત્યાંથી જ તેજપુંજમાં માતાજીની દેહાકૃતિ વિલિન થઇ. હું આનંદની, વાત્સલ્યની એ મધુર ક્ષણોને યાદ કરતો, વાગોળતો, રોમાંચિત થતો ક્યાંય સુધી બેસી રહ્યો. ઘડિયાળ રાત્રિના બે અને ચાલીસનો સમય બતાવતી હતી. માતાજી લગભગ પંદર મીનીટ સુધી સાકાર સ્વરૂપે મારી સાથે મા બાળની મીઠી ગોષ્ઠિ કરવા રોકાયાં હતાં.

માતાજીએ પીચ કલરની રેશમી સાડી અને આછાં આભૂષણો પરિધાન કર્યા હતાં. પરમાત્મા તો કાલાતિત છે એટલે માતાજીની દેહાકૃતિ ૨૫-૩૦ વર્ષની નમણી, નાજુક યુવતી જેવી અતિ મોહક અને મીઠી લાગતી હતી.

થોડીવાર પછી ઘરના સભ્યોને આ દિવ્ય આનંદ અને અનુભૂતિના સહભાગી બનાવ્યાં.

માતાજીએ પલંગમાં અને સોફામાં બેઠક લીધી હતી અને આસન પર ચરણ ટેકવ્યાં હતાં ત્યાં મીઠી સુવાસ આવતી હતી. મારા પહેરણ પર પણ સુવાસ આવતી હતી. રૂમનું વાતાવરણ દિવ્ય અને સુવાસમય લાગતું હતું.

માતાજીએ તેમની પધરામણીના એંધાણ અગાઉથી જ આપી દીધાં હતાં. માતાજીના ફોટા પર ત્રણ

બદામ પધરાવી હતી. માતાજીના સાકાર સ્વરૂપને આવકારવા અને સેવા ન્યોચ્છાવર કરવાની અમારી મહેચ્છા મનમાં જ રહી ગઇ. અમે ચોથી તારીખે તૈયારી કરીશું તેવું વિચારી રહ્યાં હતાં. માતાજીની જ પ્રેરણાથી પલંગની ચાદર રાતે જ બદલાવી દીધી હતી અને ચરણના આસન પણ નવા જ બિછાવી દીધાં હતાં. પ્રસાદ ધરાવવાની સેવાની ઇચ્છા મનમાં જ રહી ગઇ. મનનો ભાવ અને માતાજીની પ્રેરણાથી થયેલી થોડી સેવાનો સ્વીકાર અને માતાજીની સાકાર સ્વરૂપની ઉપસ્થિતિથી ઘરનાં સર્વે આનંદ વિભોર બની ગયાં.

# આવ્યો બાળ

ધરતીના ભાલે ત્રિપુંડ દોરી આવ્યો બાળ,
ને રેશમ દોરીથી વિજય તિલક કરી આવ્યો બાળ....
રણની રેતીમાંય ફરી ફરીને આવ્યો છે બાળ
ને સૂકી સરહદોને પણ હરખાવી લાવ્યો છે બાળ....
બળતા બપોરમાંય ઘૂમીને નથી થાક્યો આ બાળ
ને વીજળી વિનાય નથી ગભરાયો આ રાજબાળ....
સતત્ જકડી રેશમને, મંત્રશક્તિ વહાવી આવ્યો બાળ
ડામરની સડકો પર પણ, રેખા આંકી આવ્યો બાળ....
ખુદ તરસે રહીને પણ સરસ કાર્ય કરી આવ્યો બાળ
ને સરહદ સુરક્ષાની તરસ મિટાવી આવ્યો બાળ....
સોળ સોળ કલાકની મુસાફરીએ પણ ના થાક્યો બાળ
ચુનંદા સૈનિકો સાથે વિજયધ્વજ લહેરાવી આવ્યો બાળ....
કચ્છ-બનાસની પાક સરહદને સુરક્ષિત કરી આવ્યો બાળ
ને દુશ્મનોના નાપાક ઈરાદાઓને મીટ્ટીમાં મિલાવી આવ્યો બાળ....
સેવા ક્રાંતિની મશાલ ચોતરફ પ્રકાશિત કરી આવ્યો બાળ
ને હર ગુજરાતીના મસ્તક ઉન્નત કરી આવ્યો બાળ....
ચાર દિવસમાં અડધું ડગલું દોડીને આવ્યો બાળ
ને માત તણા હૈયાંને હરખાવી આવ્યો બાળ....
હરખાવી આવ્યો બાળ....

# માનવતા દિન

તા. ૭-૯-૨૦૦૨

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો આજે ૭૧ મો જન્મદિવસ છે. આજે પૂજ્યશ્રીના પ્યારા ભાવિક ભક્તો પૂજ્યશ્રીને જન્મદિનના વધામણાં દેવા, આશીર્વાદ લેવા માનવતા દિનની ઉજવણીમાં સહભાગી થઇ નિજાનંદની મસ્તીમાં ગરકાવ થવા, ડૂબવા, ઝૂમવા માટે પી. જી. મહેતા હોલમાં આવી રહ્યા છે. ગામ, પરગામ અને દેશ વિદેશથી ભક્તો આવ્યા છે.

સવારે નવથી એક વાગ્યા સુધી પૂજ્યશ્રીના દર્શન કરી આશીર્વાદ મેળવવા માટે ભક્તોનો પ્રવાહ અવિરતપણે ચાલ્યા કર્યો. ખીચડી, કઢી, શાક અને મોહનથાળનો પ્રસાદ સહુએ પ્રેમથી આરોગી તૃપ્તિ અનુભવી.

બપોરે ત્રણ વાગે પૂજ્યશ્રી પેશ્વાઇ પહેરવેશમાં લાંબો રેશમી કોટ, માથે પાઘડી, ચરણમાં મોજડી અને હસ્તમાં લાકડી સાથે પેશ્વાઇ મહારાજાની અદાથી ભક્તોનું અભિવાદન ઝીલતા ઝીલતા મમ્મીજી અને બ્હેનજી સાથે હોલમાં પુનઃ પધાર્યા. થોડીવાર ઊભા રહી ભક્તોને દૃષ્ટિમાં સમાવી લીધાં પછી મહારાજાની અદાથી બ્હેનજીને પૂછ્યું કે,

"પ્રધાનજી, આપણા રાજ્યમાં સર્વે કુશળ તો છે ને" ?

પ્રધાનજીએ વિનમ્રતાથી જણાવ્યું કે,

"મહારાજશ્રી, આપણા રાજ્યમાં, અને આપણો પરિવાર ક્ષેમ કુશળ છે, આનંદમાં છે."

મહારાજશ્રી કહે, "મારે વેશ પલટો કરીને જવું પડશે અને જાતમાહિતિ મેળવવી પડશે."

પ્રધાનજી કહે, "મહારાજ આપણી સી. આઇ. ડી. બ્રાન્ચ મજબૂત અને સક્ષમ છે."

મીઠી છતાં રસસભર ગોષ્ઠિથી આનંદનું મોજું પ્રસરી ગયું.

ભજનો અને ભક્તોની ભાવોર્મિઓ રજૂ કરવામાં આવી. પછી પૂજ્ય ગુરૂદેવ આશીર્વચન અને અમૃતવાણી રેલાવવા ઉભા થયાં. પૂજ્યશ્રીએ આજે દિવ્ય મા અને મયૂર બાળની મીઠી વાતોને યાદ કરી, સ્વરચિત પંક્તિઓ રજૂ કરી, સેવાયજ્ઞની વિસ્તરતી ક્ષિતિજોની માતાજીના માર્ગદર્શનની વાતો કરી. સમગ્ર વાતાવરણમાં પ્રેમનું, ભક્તિનું અને સેવાનું માહોલ ખડું કરી દીધું. પાંચ વાગે પરમશક્તિ મંત્રભાવ, આરતી અને નવસૂત્રોના પઠન સાથે માનવતા દિનની પૂર્ણાહૂતિ કરી.

# "હું બિડાયો તમ હૃદયમાં"

રાજયોગી નરેન્દ્રજી — તા. ૭-૯-૨૦૦૨

વ્હાલા પ્રેમીજનો,

આજે સાતમી સપ્ટેમ્બર, મા-બાળનો દિવસ, આજે મારે કોઇ ઉપદેશો કે આદેશો આપવાના

નથી. આજે તો બસ સર્વત્ર આઠે પ્રહર આનંદનો જ દિવસ. આજે બસ 'મા' મારી સાથે ઝુમ્યા જ કરે, ઝુમ્યા જ કરે ને તે આનંદમાં હું સ્નાન કર્યા જ કરૂં.

આજે એક વિચાર એવો છે કે ૭૧ ના આંકડાને ઉલટાવી દઇએ તો !

**"નિહાળું તમોને અમીમય આખંડીથી,**
**ધારણ કીધું સ્થાન મુજનું તમ હૃદય મંદીરમાં"**
**"જયમ ભ્રમર બિડાયે કમળ માંહિ,**
**હું બિડાવું તમ હૃદયમાં"**

જોઇ લો રામ, કૃષ્ણને, આજે હજુ પણ કરોડો લોકોના હૃદયમાં તેઓનું સ્થાન અકબંધ છે.

આજે તો ખરેખર માતના પ્રેમનું પ્રેમાક્રમણ ચારે દિશાએથી થઇ રહ્યું છે, તે હું અનુભવી રહ્યો છું. આજે માતાજી મારી પાસે અગોચર રૂપે ૧૯૫૫ અને ૧૯૫૮ માં આવી ગયાં તે પ્રસંગ અત્રે રજૂ કરૂં છું. આ બંને પ્રસંગો "વેદ જનનીની સ્મૃતિથી સાક્ષાત્કાર" પુસ્તકમાં આવી ગયા છે.

ઉપરોક્ત પ્રસંગો પરથી ફલિત થાય છે કે, માતાજી સદેહે મારી પાસે આવી ગયાં પરંતુ મને તેનો જરાપણ ખ્યાલ આવવા દીધો નહિં.

માતાજીએ મારી કસોટી પણ ઘણી કરી છે, તેમાંય તેમની અમીદૃષ્ટિથી જ તે પાર કરી શક્યો હોઇશ, પરંતુ મેં કદીપણ માતાજીને ફરિયાદ કરી નથી, કારણ કે માણસે કરેલાં કર્મો તો ભોગવવાં પડે ને ?

મારા આખા જીવનનું સરવૈયું કાઢીએ તો જન્મથી અત્યાર સુધીમાં માતાજી મારી સતત દેખરેખ રાખી રહ્યાં છે, માર્ગદર્શન આપી રહ્યાં છે. અત્યારે હું જે કાર્યો કરી રહ્યો છું તે કાર્ય ખરેખર મારાથી થઇ શકે તેમ ન હતું કારણ કે બાવીસ વર્ષની સરકારી નોકરીમાં સત્તા હતી, જ્યારે આ કાર્યમાં સેવા છે. આ બંને વિરોધાભાસી કાર્યો છે પરંતુ માતાજીએ સાથે રહીને માર્ગદર્શન આપી આ સેવાના કાર્યો પાર પડાવતાં રહે છે. આ માતાજીની મહાન કૃપાજ છે. મારા માતાજીને લાખ લાખ વંદન.

હજુ પણ માતાજી નવા નવા સેવાનાં સોપાનો સર કરાવતાં જાય છે અને મોટી જવાબદારીઓ અદા કરાવતાં જાય છે. બાળક બાલ્યાવસ્થામાંથી યુવાન અવસ્થામાં પ્રવેશે ત્યારે તેના પર વધારે જવાબદારી આવી પડે છે. આજે આધ્યાત્મિક જગતમાં મારે સત્તાવીશ વર્ષ થયાં એટલે માતાજી વધારે પડતી જવાબદારી અદા કરાવે છે. એવું મારૂં માનવું છે આજે પણ હું માતાજીને એટલી વિનંતી કરૂં કે જેટલાં કાર્યો કરાવવાં હોય તેટલાં કરાવજે પરંતુ તું સાથે રહીને કરાવજે. અંતમાં

"તુમ સબકો ગલે લગાલું,
તુમ્હારા દિલમાંહિં બસ જાઉં"
આનંદ આનંદ આનંદ
મારા આપ સર્વે ને આશીર્વાદ

**ૐ મા ૐ**

તમારૂં સ્મિત મલકે
જાણે ફાગણની વસંતો મહેંકે
તમારૂં તન ડોલે
યૌવન પ્રેમથી ઝૂમી ઉઠે
તમારા મુખમાંથી શબ્દો સરે
જાણે કોયલના ટહુકારા.
સન્મુખ થયાં તેથી શું ?
જરા આંખ મીંચામણા તો કરો !
તમારા નયનોમાં અજબ જાદુ છે
એક નજર જામ પીવાની વિધિ છે.
હદ હોય છે બેહોશીને
અહિં સત્તાવીશ વર્ષની બેહોશી
છે ઇંતેજાર મુલાકાતનો
મિલન એક વાદળીનું
વિરહનું રણ આવી પડે
વરસી પડને મુશળધાર !
સ્મૃતિ એજ મુખડાની
ન દેખી દુ:ખી છું રે !
ઉમળકા આ હૃદયના હા
કહો ક્યાં જઇ ઠાલવું ?
કોણ જાણે કેમ રહે છે
એ નયનથી દૂર
જેના નયનમાં સદાય ઇન્તેજાર છે ભરપૂર

મિલનમાં સ્વયમ્ છો
વિરહમાં સ્મરણ બંને તરફ છે
આપનું અમને સ્મરણ
માંગનારા માંગતા છો ને વાંસતી પ્યાર
મારૂં દિલતો માંગતું
પ્યારની પ્યારી બહાર.
બાનમાં છું વર્ષ ઇકોતેરથી તારા હસ્તમાં
શિસ્તનો કોરડો વીઝી કાર્ય કરાવે જા.
દેવું જ હોય તો દો ને છૂટા હાથે
શા માટે કર્મની આડ ધરો છો !
યૌવનને નથી નિસ્બત
રૂપાળા અંગ કે મરોડની
યૌવનને નિસ્બત શૌર્યની
જે વરે છે શૌર્યને
તે મેદાન મારી જાય છે.
આવજો આવજો કહી સૌ જાય છે
કોઇ કહે છે કે અહિં રહી જાઓ !
અર્વાચીન પાંડવો કૌરવો
આમને સામને આવી ચડ્યા
ફક્ત સ્પર્શ રેશમની દોરી તણો
ગુજરાતના સીમાડા પર
માત મલકાતી રહે
સબ પાંડવો હિન્દુસ્તાનના સલામત.

**રે બંધુઓ ! તૈયાર થાઓ,**
**પરમ તત્વને સત્કારવા, હમણાં જ એ આવશે,**
**તપાસશે, મન, વચન, કર્મતણી પવિત્રતા.**
**પાસ થાઓ કસોટીમાં, હૃદય કમળમાં સ્થાન ગ્રહણ કરશે.**

# સેવા એક તપ છે.

તા. ૪-૯-૨૦૦૨

*વહાલા આત્મીજનો,*

માતાજીએ સોંપેલા સેવાયજ્ઞની જ્યોત સત્તાવીસ વર્ષથી અવિતરપણે જલતી રહી છે. સેવાયજ્ઞની ક્ષિતિજો વિસ્તરતી રહી છે. માતાજી સમષ્ટિના શ્રેયાર્થે નૂતન સેવાના સોપાનો સર કરાવતાં રહે છે. ચોવીસ વર્ષથી નિલોષા સેવાતીર્થનું ગૌરવ પામી રહ્યું છે.

જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંપ્રદાયના બંધન સિવાય કોઈપણ વ્યક્તિ, માનસિક શાંતિ, આધ્યાત્મિક પ્રાપ્તિ અને શારીરિક શક્તિ સંપન્ન કરવા નિઃશુલ્ક સેવાનો લાભ લે છે. માનવ અને પશુ પ્રેતાત્મા મુક્તિયજ્ઞ, ધરતીકંપ નિવારણ સેવા, જળ પ્રલય નિવારણ સેવા, સીમા સુરક્ષા યજ્ઞ, સ્વરક્ષણ મંત્ર પ્રદાન, વર્ષા નિમંત્રણ પ્રાર્થના મંત્ર વિગેરે વિવિધ સેવાના ક્ષેત્રો વિસ્તરતા જાય છે.

સેવાયજ્ઞની સાથે સાથે વિવિધ સેવાઓના ક્ષેત્રો સંભાળવા માટે સેવાભાવી, કાર્યકુશળ સેવકોનું પણ આયોજન માતાજી કરતાં રહે છે.

સંનિષ્ઠ સેવકો શોધવા કે નિમવા પડતા નથી. સ્વેચ્છાએ આવી જ જાય છે. અને નમ્રતાપૂર્વક પ્રેમથી સેવામાં જોડાઈ જાય છે. સેવા માંગવી પડતી નથી. સેવા શોધી લે છે.

સેવાનું ક્ષેત્ર એવું છે કે તેમાં પ્રવેશ કરવા ઈચ્છતી ઉત્સુક વ્યક્તિએ સેવક તરીકે પોતાની પાત્રતા પિછાનવી પડે અને કેળવવી પડે. અહમ્ ઈર્ષા, સ્વાર્થ સેવાની પરિધમાં પ્રવેશવાં જોઈએ નહિં, નહિંતર સેવકનું માનસિક અને આધ્યાત્મિક અધઃપતન થાય.

સેવા એક તપ છે. હરએક પળે સેવકની પરીક્ષા થતી જ રહે છે. સંનિષ્ઠ સેવક બનવા માંગતા ભાઈબ્હેનો આપ કોઈપણ સંસ્થાની, સ્થાનની કે સંતસદ્‌ગુરુની સેવા કરવાનું સ્વીકારો તો સેવક થવા માટેની આપની પાત્રતા, યોગ્યતાને કેળવજો, સ્વમૂલ્યાંકન કરતા રહેજો. મારી દૃષ્ટિએ સેવક કેવો હોવો જોઈએ તે દર્શાવું છું.

૧. સેવકમાં સેવાભાવ, સહૃદયતા, સમભાવ અને સહનશીલતા હોવાં જોઈએ.
૨. સેવામાં નિષ્ઠા અને સમર્પણભાવ હોવાં જોઈએ.
૩. હંમેશાં પ્રસન્નવદન, નિખાલસ, નમ્ર અને વિનયી હોવો જોઈએ.
૪. હંમેશાં સ્વાર્થ અને સગાવાદથી દૂર રહે.
૫. અહમ્, માન, મોભો, હોદ્દો છોડીને સેવાનું કોઈપણ ક્ષેત્રમાં મમતા અને મમત્વને સ્થાન ન આપે.
૬. સેવાના ક્ષેત્રમાં અન્યને ભાગીદાર બનાવવામાં કે તમારી સેવા અન્યને આપવામાં ગૌરવ અનુભવી. સંતોષ રાખે.
૮. તન, મન, અને ધનથી નિઃસ્વાર્થ સેવા કરે.
૯. સેવકે પોતાની નિષ્ઠાવાન, સેવા થકી માલિકની નિગાહમાં નહિં પણ હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરવા હંમેશાં પ્રયત્નશીલ રહેવું.

આપ સંનિષ્ઠ સેવક બનો. મારા આપ સર્વેને આશીર્વાદ છે.

**ૐમાૐ**

# જન્માષ્ટમી મહોત્સવ

શ્રધ્ધાનાં પ્રાંગણમાં આજે ગોકુળના નંદાલયનો માહોલ વર્તાઈ રહ્યો છે. સાંજે પાંચ વાગ્યાથી જ શ્રધ્ધાના નંદાલય તરફ ભાવિકોના ડગ મંડાઈ રહ્યાં છે. આજે રાજસખા શ્રીકૃષ્ણનો જન્મોત્સવ છે. સાંજે છ વાગે જરકસીજામા જેવું પીળું રેશમી કેડીયું અને બ્રીજીસ તેમજ ખભે ખેસ ધારણ કરીને પૂજ્ય રાજયોગીજીએ પોતાની બેઠક ઝૂલા તરફ ડગ માંડ્યા અને ભક્તોએ જયકાર કરી હૈયાના હેતથી વ્હાલા ગુરુજીને વધાવી લીધા. કીકીઓમાં સમાવી લીધા.

શ્રધ્ધાકુટીર ભાવિકોથી ભરાઈ ગઈ છે, કુટીરની સ્થૂળ કાયા ભલે સીમીત હોય પરતું ભાવકાય અનેક ભક્તોને ભાવથી સમાવતી જ જાય છે.

ભાવવાહિ ધૂન, ભજનોની ભાગીરથીનું વહેણ ગાયકવૃંદે વહાવવું શરૂ કર્યું. ભક્તો ભાગીરથી ના વહેણમાં ડૂબકી લગાવતા, ગાતાં, ઝૂમતા કુદતાં, નાચતા નિજાનંદની મસ્તીમાં ડૂબી ગયા. શ્રીકૃષ્ણ અને તેના સખા રાજમાં આજે અદ્વૈત વરતાતું હતું. આબાલ વૃધ્ધ, બાળકો, બધાજ ગોકુળના ગોપગોપીના ભાવમાં સંસારનું અને માયાનું સાનભાન ભૂલીને મન મૂકીને ઝૂમી રહ્યાં. પ્રેમની પાવન યમુનામાં ભીંજાઈ ગયાં. કૃષ્ણ સખા રાજ સાથે મનમૂકીને નાચ્યા, રમ્યા, મહાલ્યા. ગાયકવૃન્દના ભાવવાહિ ભજનો અને તેનો ભાવાર્થ સમજાવતું સંકલન તેમજ વાદ્યવૃંદનો સુમેળ સુંદર રીતે મનભાવન રીતે સધાયો હતો. સહુના મન શ્રધ્ધાના રાજમાધવે ચોરી લીધાં હતાં.

પૂજ્યશ્રીનું વક્તવ્ય સરળ થતાં માર્મિક હતું. હૃદય મંદિરનો દરવાજો ખોલીને પરમાત્માના દર્શન કરો. ભાવની ભાગીરથી થી પરમાત્માના પાદ પ્રક્ષાલન કરો. ભાવથી જમાડો, ભગવાન ભક્ત માટે નિયમ બદલે છે.

આજે માખણ અને પંજરીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. માખણ જેવા મુલાયમ મીઠી, નિર્દોષ, શુભ્ર (સાત્વિક) વાણી જ મુખથી નીકળે તેવા ભાવ સાથે માખણનો પ્રસાદ આરોગવાનો ભાવ પૂજ્યશ્રીએ પ્રગટ કર્યો હતો.

જન્માષ્ટમીના ઉત્સવના આનંદને શરીરના રોમે રોમમાં ભરીને સાડા નવ વાગે સહુ નિજ ગૃહે જવા વિદાય થયા.

# ભગવાન તેના નિયમો બદલે

પૂજ્ય રાજયોગીજી તા. ૩૧-૮-૦૨

વ્હાલા વ્રજવાસીઓ,

આજે હજારો વર્ષ થયાં છતાં પણ શ્રીકૃષ્ણ લોકહૈયે સદાય ઝૂલી રહ્યા છે. એમની આખી જીંદગી નિહાળીએ તો તે હતા ધર્મધુરંધર, એક અચ્છા રાજકારણી, સાહસિક, શૂરવીરતાથી ભરપૂર અને

સમાજમાં, વ્યવહાર કુશળતામાં ભારોભાર ગુણોથી વિભૂષિત હતાં.

શ્રીકૃષ્ણે આખી જીંદગીમાં કોઈપણ વખત ઉપદેશ આપેલ નથી. ફક્ત મહાભારતના યુધ્ધ પ્રસંગે અણમોલ ગીતાનો ગ્રંથ આપી દીધો. અગાઉ તેમણે ઉપદેશ આપેલ ન હતો. પરંતુ તેમણે કરેલાં કર્મો ખરેખર એક ઉપદેશ સમાન જ હતાં.

એમના જીવનમાં કરેલાં એક એક કર્મ ઉપાડો અને વિચારો તો મેં જે નવ સિધ્ધાંતો આપ્યાં છે તે બધાં તેમના કરેલા કર્મમાં સમાયેલાં છે, મેં તમોને સિધ્ધાંતરૂપે આદેશ આપી ને આપ્યા જ્યારે શ્રીકૃષ્ણે કર્મ કરીને તે સિધ્ધાંતો લોક ચરણે ધરી દીધાં.

૧. કાલીનાગને નાથીને વિદાય કર્યો તેમાં તેમણે નિઃસ્વાર્થ સેવા જ કરી.

૨. વરસાદથી આખા ગામલોકોને બચાવવા ગોવર્ધન પર્વત ઉંચક્યો, તેમાં તેમણે દુઃખીના દિલનાં આંસુ લૂછ્યાં.

૩. રાજસભામાં હાજર થઈને નિઃસહાય દશામાં દ્રૌપદીએ પ્રાર્થના કરી તો તેમણે ચીર પૂરા કરી તેની લાજ રાખી.

૪. આખી જીંદગી પુરુષાર્થ કરી સતત કાર્યશીલ રહ્યા છે.

૫. પાંડવોને આપેલ વચન મુજબ તેમનો કાર્યભાર સંભાળ્યો અને વિશ્વાસ મૂક્યો તે જાળવી રાખ્યો.

૬. તેમણે ક્યારેય કોઈની ઈર્ષ્યા કરી નથી.

૭. આખી જીંદગીમાં ક્યારેય કોઈની નિંદા કરી નથી.

૮. કોઈપણ જગ્યાએ અહમ્ ને પોષ્યો નથી.

૯. શ્રધ્ધા શરણાગતિમાં તો પોતેજ સ્વયમ્ હતા.

ધારોકે આજે અત્યારે શ્રીકૃષ્ણ પ્રગટ થાય તો આપ શું કરશો? આપના મનોભાવ કેવા હશે? આપ શું માંગશો? શ્રીકૃષ્ણને આપ શું આપશો?

**શ્રીકૃષ્ણના દર્શન કરવા મારે, તમારે રાતે બાર વાગે મંદીરનાં દરવાજા ખુલવાની રાહ જોવાની જરૂર નથી. આતો હજારો વર્ષો પહેલાંની કૃષ્ણ જન્મની સ્થૂળ ચેષ્ટા માત્ર જ છે. આપણે આપણા હૃદયમંદિરનો દરવાજો ખોલવાની જરૂર છે. ભાવની ભાગીરથી થી પરમાત્માના પાદ પ્રક્ષાલન કરવાની જરૂર છે. ભાવના ભૂખ્યા ભગવાનને તમારા હૃદયનો પ્રેમ પીરસો તો ભક્તને મદદ કરવા ભગવાન તેના નિયમો બદલશે. ભગવાનનો તો આપણી સાથે હસે, વસે, રમે અને જમે.**

**આપણી ભીતરની મલિનતા રૂપી રાગ,દ્વેષ, ઈર્ષ્યાં નિંદા, અહમ્ને ત્યજીને નિર્મળ ભાવથી કરાતી આપણી પ્રાર્થના સંસારની વિટંબણાઓમાં આપણું માર્ગદર્શન કરે જ. મારા આપ સર્વેને આશીર્વાદ છે.**

**ૐમાૐ**

# જનનીની ચિર વિદાય

પૂજ્ય પરસનબાના જીવનની શતક-શતાબ્દિ ઉજવ્યાનો આનંદ અને સંતોષ પૂજ્ય બાને અને અમને સહુને હતો. જીવનની શતક વટાવ્યા પછી વૃધ્ધાવસ્થાને કારણે કાયા જર્જરિત થતી જતી હતી. પરંતુ માનસિક રીતે બા સ્વસ્થ હતાં.

જીવનનો છેલ્લો શ્વાસ ક્યારે હશે તેની જાણતો કોઈને જ હોતી નથી પરંતુ છેલ્લા શ્વાસ પછીની નિર્વાણવિધિનું આયોજન મારી ક્રાંતિકારી વિચારસરણી અનુસાર અગાઉથી જ કરી રાખ્યું હતું જેથી મારી ગેરહાજરીમાં પણ બાના નિર્વાણનો, તીર્થસમી કાયાનો મલાજો અને ગૌરવ જળવાઈ રહે. ઘરના અને કુટુંબના સભ્યોને તેમજ આત્મિય ભાવિકોને સઘળી સમજ આપી હતી.

પૂ. બાના આશીર્વાદ લઈને અમે બ્હેનજી અને હું કાર્યયજ્ઞ માટે ૧૪મી મે ૨૦૦૨ વિદેશ જવા રવાના થયા. શિકાગોમાં સેવાયજ્ઞ માટે અમે પહોંચ્યા. તા. ૪-૬-૨૦૦૨ બુધવારે રાતે ૧૧-૩૦ વાગે પૂ. બાએ ભૌતિક જગતનો છેલ્લો શ્વાસ લઈ જીવન દીપ બૂઝાવી દીધો. અમે સમાચાર જાણ્યા ક્ષણભર વાત્સલ્યના વહેણમાં મમતાની મીઠી છોળો મનને ભીંજવવા લાગી. શાશ્વત આત્મા પરમાત્મામાં જ વિલિન થઈ ગયો છે તેવી દઢ શ્રધ્ધા સાથે સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી. ઉપસ્થિત ભક્તોને આ બાબતનો અણસાર પણ ન આવ્યો.

વ્હેલી સવારે બ્રાહ્મમૂહુર્તમાં પૂ. બાના સૂક્ષ્મ શરીર સાથે અનુસંધાન સાધી વાત્સલ્યસભર આધ્યાત્મિક સંદેશો પાઠવી મંત્રજાપ સાથે અલવિદા આપી. સંપૂર્ણ માનસિક સ્વસ્થતા સાથે શિકાગોમાં અમે કાર્યયજ્ઞ ચાલુ રાખ્યો, રવિવારે કાર્યયજ્ઞની પૂર્ણાહૂતિ વેળાએ આધ્યાત્મિક યાત્રાનો પ્રોગ્રામ પૂરો થઈ ગયા પછી સુધાબેન અને મહેશભાઈ પટેલના ઘરે ઉપસ્થિત ભાવિકોને બાના નિર્વાણની જાણ બ્હેનજીએ કરી. સહુ આશ્ચર્ય અને દુ:ખની ભાવમિશ્રિત લાગણીથી મારી સામે જોઈ રહ્યા પરંતુ હું તો સ્વસ્થજ હતો. સહુ મનોમન વંદી રહ્યા.

સેવાયજ્ઞને જ પ્રાથમિકતા આપવા મારું મન કૃતનિશ્ચયી હતું જ છતાં પણ ક્યારેક માની મમતાની મીઠી યાદ મારા મનને ખિન્ન કરી જતી. મારી વ્યથાને હળવી, અરે, નિર્મૂળ કરવા બા મારા સ્વપ્નામાં આવી મને અને મારા સંકલ્પને, સેવાયજ્ઞને બિરદાવી ગયાં.

## મહારાજાને ઘણી ખમ્મા

તા. ૮-૮-૨૦૦૨ ના રોજ રાતે આશરે બે વાગ્યાના સુમારે બા (પરસનબા) સ્વપ્નમાં આવ્યાં. બાને નિહાળી મે ભાવવિભોર થઈ વંદન કર્યા; બા બોલ્યા, “મહારાજાને ઘણી ખમ્મા” મેં કહ્યું, “બા તમેતો મને રાજા કહેતાં હતાં. અને આજે શા માટે મહારાજા કહો છો?”

ત્યારે બા બોલ્યા, “હું ખૂબ જ ખુશ છું અને ગૌરવ અનુભવું છું કે, મારા મૃત્યુવેળાએ તું ન આવી શક્યો. અત્રે બધાએ બધું જ વ્યવસ્થિત રીતે જ કર્યું હતું. તું આવ્યો હોત તો પણ આમ જ થવાનું હતું.

બીજું મને ખ્યાલ છે કે તેં મારા મૃત્યુના સમાચાર જાણ્યા બાદ ત્રણ દિવસ સુધી બરાબર જમ્યો પણ ન હતો, અને તારા દિલમાં ભારોભાર વ્યથા હતી. છતાં પણ તેને દિલમાં સમાવી તું હસતો જ ફરતો હતો. આજે પણ તારા ન આવવાની વ્યથા તારા દિલમાં છે પણ તેને તું ભૂલી જા. તે મમતાનો ત્યાગ કરીને ફરજને મહત્વ આપ્યું છે. તેથીજ તું મહારાજા છે. મને તેનું ગૌરવ છે. તારા આ કાર્યથી જગતના માનવીઓને પણ માર્ગદર્શન મળી રહેશે." બીજું મીતા અને પીન્કીને રૂપિયા પાંચસો પાંચસો આપશો.

હું કંઈ બોલવા જતો હતો ત્યાં જ મારી આંખ ઉઘડી ગઈ ઘડિયાળ ૨-૧૫નો સમય બતાવતી હતી.

## દુશ્મનથી રક્ષણ મેળવવા માટેનો રક્ષા મંત્ર સ્વરક્ષણ મંત્ર

તા. ૧-૪-૨૦૦૨ સોમવારે સાંજે ૭-૪૫ કલાકે શ્રધ્ધા કુટીરમાં સામૂહિક પરમશક્તિ **ૐ મા ૐ** ના મંત્રજાપ ચાલતા હતા. ગુજરાતમાં ચાલી રહેલી કોમી અરાજકતા અને હિંસાની શાંતિ માટે આ મંત્રજાપ ચાલુ હતા . તે વખતે પૂજ્ય ગુરૂદેવના કાનમાં માતાજીનો મૃદુ અવાજ સંભળાયો કે દુઃશ્મનથી સ્વરક્ષણ, સ્વબચાવ મેળવવા માટે આ મંત્ર બોલવો.

### ૐ ह्रीं अरिः ईन् ईन् स्वाहा ।।

"આ મંત્રને સિધ્ધ કરવા માટે પુષ્ય નક્ષત્રમાં ભોજપત્ર પર લાલ શાહીથી કે લાલ પેનથી આ મંત્ર જાતે લખીને ભોજપત્ર સામે રાખીને સવાલાખ જાપ કરવા,પછી આ સિધ્ધ થયેલ મંત્રને પોતાની પાસે રાખવું"

## સીમા સુરક્ષા

ભારતમાતાની સુરક્ષા કરવાની દરેક ભારતવાસીની નૈતિક ફરજ બની રહે છે. રાષ્ટ્રની રક્ષા અને ગૌરવ જાળવવામાં દરેક વ્યક્તિએ પોતાના ક્ષેત્રમાં રહીને તન, મન, ધન અને વિશિષ્ટ આધ્યાત્મિક શક્તિથી પોતાનું યોગદાન આપવાની નૈતિક ફરજ અને જવાબદારી અદા કરવી જ જોઈએ.

તા. ૧૨-૩-૨૦૦૨ મંગળવારે મહાશિવરાત્રીના દિવસે ઊપાસના દરમિયાન પરમશક્તિ મા ભગવતીએ સીમા સુરક્ષા કરવાની વિધિ દર્શાવી. મંત્ર દર્શાવ્યો. મારી આંતરદષ્ટિથી મેં સમગ્ર વિધિ નિહાળી.

સફેદ રેશમની દોરી મંગાવી, માતાજી એ દર્શાવેલ સવાલાખ મંત્રજાપ કરી રેશમની દોરીને અભિમંત્રિત કરીને સિધ્ધ કરી. સીમા સુરક્ષા કરતી વખતે દોરીનો એક છેડો જમીન પર અડકતો, પરમશક્તિ રેખા ઘેરતો રાખવાનો અને બીજો છેડો મારા હાથમાં રાખી સીમા સુરક્ષા અભિયાન વેળાએ મંત્રજાપ ચાલુ રાખવાના. ભારતની સીમાઓ પર ઘુસણખોરી અને ત્રાસવાદનો ભય સતત રહ્યા કરે છે. માનવશક્તિ અને યંત્રશક્તિ દ્વારા સીમા સુરક્ષાનો પ્રયાસ થતો જ રહે છે. કેટલાય જવાનો સૈનિકો અને સરહદવાસીઓએ પોતાના જાનમાલ ગુમાવ્યા છે. અને ગુમાવતા રહે છે. પૂજ્ય માતાજીનું માર્ગદર્શન

મળ્યા પછી પ્રાથમિક તબક્કે ગુજરાતને લગતી બનાસકાંઠા અને કચ્છ ભૂજની સીમાઓ સુરક્ષિત કરવા જવાનું આયોજન કરવામાં આવ્યું. સ્થાનિક ભક્તો અને અધિકારીઓ સાથે વિચાર વિમર્શ કરી તેમનો સહકાર અને સીમાઓ અંગેની માહિતી મેળવી લીધી.

તારીખ છ અને સાત એપ્રિલ ૨૦૦૨ શનિવાર અને રવિવારે બનાસકાંઠાની સરહદો સુરક્ષિત કરવા જવાનું નક્કી કરવામાં આવ્યું. અમદાવાદનાં નવ ભક્તો અને બ્હેનજી સાથે શનિવારે સવારે બસ મારફતે અમે બનાસકાંઠા જવા પ્રયાણ આદર્યું. પાલનપૂર અને સૂઈ ગામના કેટલાક સ્થાનિક ભક્તો અમારી સાથે જોડાયા. ભારત પાકિસ્તાનની સરહદ પર આવેલા ગામડાઓ માવસરી જલોયા અને નડાબેટના રણ વિસ્તારની ૮૯ કીલોમીટરની સરહદ અને મંત્રશક્તિ થી રેશમની અભિમંત્રિત દોરી વડે પરમશક્તિ રેખા દોરી સુરક્ષિત કરી. રાત્રિ રોકાણ નડાબેટમાં નડેશ્વરી માતાજીનાં મંદિરનાં પ્રાંગણમાં કર્યુ. રણ વિસ્તાર અને ગ્રામ્ય વાતાવરણનો અનુભવ જીવનનું એક સંભારણું બની ગયું.

બીજે દિવસે રવિવારે સવારે નડાબેટથી નીકળી સુઈ ગામથી સીંઘાડા સુધીની ચાલિસ કીલોમીટરની સીમા પર પરમશક્તિ રેખા અંકિત કરી. આમ બનાસકાંઠાની ૧૨૯ કીલોમીટરની સીમાઓ પર પરમશક્તિ રેખા દોરી. દરેક ગામડાઓમાં ગામલોકોએ, સરપંચ તેમજ સ્થાનિક અધિકારીઓએ અમારૂં ગ્રામ્ય સંસ્કૃતિ પ્રમાણે ભાવભીનું સ્વાગત કર્યું. કંકુઅક્ષતથી અમને વધાવ્યા. ઢોલ ત્રાંસા વગાડવામાં આવ્યાં અને બાળાઓએ કળશ અને શ્રીફળ માથા પર લઈ અમારા આધ્યાત્મિક અભિયાનને વધાવ્યું. નડાબેટ સમગ્ર રણ વિસ્તાર છે. અહીયાં નડેશ્વરીમાતાજીનું આ આધ્યાત્મિક સ્થાનનો મહિમા મોટો છે.

તા. ૨૬ અને ૨૭ એપ્રિલ ૨૦૦૨ શનિવાર અને રવિવારે અમે કચ્છ જિલ્લાની સરહદો સુરક્ષિત કરવા જવાનુ આયોજન કર્યું હતું. ભૂજનાં સ્થાનિક ભક્તો અને અધિકારીઓનો સહકાર અને સીમા અંગેનું માર્ગદર્શન અમને મળ્યું હતું. શનિવારે અમદાવાદથી દસ ભક્તો અને બ્હેનજી સાથે બસ મારફતે અમે ભૂજ પહોંચ્યા. સ્થાનિક ભક્તો અને અધિકારીઓ સાથે અમે ભૂજના એરપોર્ટથી ખાવડા, કુરણ સુધીનો ૮૪ કીલોમીટરનો સરહદનો વિસ્તાર **"પરમશક્તિ રેખા"** અંકિત કરી સુરક્ષિત કર્યો. ભૂજથી કુરણ સુધીનો આખો રણ વિસ્તાર છે. ગાંડા બાવળોનાં ઝૂંડ ઊભેલા દેખાતા હતા. રણમાં ધૂળની ડમરીઓ ઊડતી હતી.

કુરણમાં ગામના લોકોએ અમારૂ સ્વાગત કર્યું. અમારા અભિયાન વિષે ગામ લોકોને થોડી માહિતી આપી. અહીંયાથી અમે કાળા ડુંગર પર ગયા. અહીંયા દત્તાત્રયનું મંદિર છે, ધર્મશાળા છે. દરરોજ સાંજે મંદિરનો મીઠી ભાતનો પ્રસાદ શિયાળને પ્રેમથી ધરાવવામાં આવે છે અને શિયાળો નિર્ભયતાથી એ પ્રસાદ આરોગે છે.

કાળા ડુંગરનો વિસ્તાર ઘણો મોટો છે. બોર્ડર સિક્યોરીટી ફોર્સનાં જવાનો સરહદની ચોકી કરતા રહે છે. અહીંયાથી સિંધુ નદી પર ભારતીય જવાનોએ ઇન્ડિયા ગેટ બાંધ્યો હતો તે જોયો. કાળા ડુંગર પરથી પાકિસ્તાનની સરહદ દેખાય છે. ધરતીકંપ વેળાએ આ ડુંગર પર ઘણું નુકશાન થયેલું છે. મંદીર તુટી ગયુ છે. મંદિરનું નિર્માણ કાર્ય ચાલુ હતું. રાત્રે સાડા નવ વાગ્યે સીમા સુરક્ષા અભિયાન પૂર્ણ કરી અમે ભૂજ પરત આવ્યા. રાત્રિ રોકાણ કરી બીજે દિવસે રવિવારે સવારે અગિયાર વાગ્યે ભૂજનાં

ભાવિક ભક્તોની સ્નેહ ભરી વિદાય લઇને અમે અમદાવાદ આવવા નીકળ્યાં. સીમા સુરક્ષાનાં આ વિશિષ્ટ કાર્યમાં સૈનિક તરીકે મારી સાથે જોડાવવાનું સદ્‌ભાગ્ય માણતા ભક્તો ભાવવિભોર હતા. સીમા સુરક્ષાની અવધિ ત્રણ માસની જ રહેશે તેવું માતાજીનાં આદેશને યાદ કરતા મેં કહ્યું કે "મને દૃઢ વિશ્વાસ છે કે, ગુજરાતની સરહદો માતાજીનાં આદેશ અને માર્ગદર્શન અનુસાર પરમશક્તિ રેખાથી સુરક્ષિત થઇ ગઇ છે. હવે આ સરહદો પર કશું જ નહિ થાય. કદાચ આ અવધિ ત્રીસ વર્ષની પણ થઇ જાય ! આપણી જીત ચોક્કસ છે. "

ભવિષ્યમાં જો સત્તાવાળાનો સાથ સહકાર મળે તો ભારતનાં અન્ય રાજ્યોની સીમાઓ પણ સુરક્ષિત કરવાની મારી ઇચ્છા છે.

ૐ મા ૐ

# વિરાટના ડગ

વિરાટના મંડાવ્યા છે ડગ ને દોડ્યો કેવો બાળ
હરખાઈ છે ગાયત્રીમાત ને, લેતી અદ્‌ભૂત સંભાળ....
પહેલે ડગલે ભૂકંપ નાથવા, દોડાવ્યો છે ભાવનગર,
ને સાત શહેરમાં ભૂશાંતિની કરાવી અજોડ સફર....
બીજે ડગલે પ્રેતમુક્તિ ને, બિછાવે છે સુંદર જાળ,
પરિશ્રમ સંગ પુરુષાર્થમાં, ભૂલી જતો લેવાનું આહાર...
હોલ હોય કે મારગ વચ્ચે, પ્રેતાત્માની લેતો સંભાળ,
જાહેર સ્થળે કરે પ્રાર્થના, ને પ્રેતનો બેડો પાર....
રોગી નિરોગી પરદેશી પશુઓ, ને લાગ્યો મોતનો ભાર
તો ત્રીજા ડગલે માત તણા બાળે કરી લીલા અપરંપાર....
વિમાનો ભટકાયાં ને તૂટ્યાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર
તો મુક્તિ દેવા સહુને, રાજયોગીજી ગયા છે અંદર....
અડઘે ડગલે રેશમ દોરીને આંકી રેખા હદબહાર,
શાસ્ત્ર થી શસ્ત્રો ડરશે ને થશે સુરક્ષા અપાર....
માત તણા મધુર છાંયે, સેવાનો ના લાગે ભાર
સંત સૃષ્ટિમાં ક્રાંતિ કદમોનો થાશે મધુર હાહાકાર....
મધુર હાહાકાર....

હેમંતભાઇ ઉપાધ્યાય

# રામનવમી ઉત્સવ

મર્યાદા પુરુષોત્તમ રામજીનો જન્મદિવસ શ્રધ્ધા કુટીરમાં આનંદ અને ઉત્સાહના માહોલમાં ઉજવવામાં આવ્યો. વળી આજે સવારે પુષ્ય નક્ષત્ર હોવાથી પૂજ્યશ્રી એ અગોચરરૂપે મેળવેલ સ્વરક્ષણનો રક્ષા કવચ મંત્ર ભોજપત્ર પર લખવાનો શુભ દિવસ હતો. જે ભક્તો જાણતા હતા, તેઓએ આજે સવારે જ મંત્ર શક્તિના પ્રભાવથી સ્વરક્ષણનું કવચ ઘડવાના શ્રી ગણેશ માંડી દીધા હતા. તેઓ બધા ખુશખુશાલ હતા.

વિદ્યાર્થીઓની પરીક્ષાના દિવસો હોવાથી તેઓના અભ્યાસમાં ખલેલ ન પહોંચે તે રીતે માઈકની ધીમા અવાજે છતાં ઉત્સાહથી પ્રસંગની ઉજવણીની શરૂઆત રામધૂન, ભજનો અને સ્તુતિથી કરી. લગભગ પોણાસાત વાગે પૂજ્ય ગુરુ દેવે રાજ્યની અને રાષ્ટ્રની વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખીને બોધદાયક, માર્મિક પ્રવચન આતંકવાદી માનસના મૂળ શેમાં સમાયેલાં છે અને નામશેષ કરવાની પાયાની હકીકતો દર્શાવી હતી.

## આતંકવાદી માનસના મૂળ

તા. ૨૧-૪-૨૦૦૨ — રાજયોગીનરેન્દ્રજી

આજે રામનવમી છે. રામરાજ્યની કલ્પના કરીને વાતો સાંભળીને પ્રેરણા મેળવીએ અને આપણા વ્યક્તિગત અને સામાજિક જીવનમાં રામરાજ્યના આદર્શોને પ્રસ્થાપિત કરવાનો, અપનાવવાનો પ્રયત્ન કરીએ.

રામજીના સમયમાં રાક્ષસોનો ત્રાસ તો હતો જ. ઋષિવિશ્વામિત્ર, રાક્ષસોથી થતા યજ્ઞભંગ અને ત્રાસમાંથી રક્ષણ મેળવવા માટે રામજીને પોતાની સાથે આશ્રમમાં લઈ ગયાં હતાં.

રામજી, પરમાત્માના સાકાર સ્વરૂપે અવતાર ધારણ કરીને પૃથ્વી પર પ્રગટ્યાં હતાં. પરમાત્મા પૃથ્વી પર પોતાના પ્યારા સંતો અને ભક્તોના રક્ષણ માટે જ સાકાર સ્વરૂપે પ્રગટ થાય છે. આ હકીકતથી આપણે સહુ સુવિદિત છીએ.

બીજો એક પ્રશ્ન સામાન્ય જનમાનસમાં ઉપસ્થિત થાય છે. કે પરમાત્મા સ્વયમ્ સાકાર રૂપે પૃથ્વીપર વિદ્યમાન હોય તો આસુરી, અજ્ઞાન શક્તિ કેવી રીતે અસ્તિત્વમાં રહી શકે. સૂર્યનોઉદય થતાંજ રાત્રિનો અંધકાર વિલિન થઇ જાય છે. પરમાત્મા સ્વયમ્ તો અગણિત સૂર્યની તેજથી પણ વધારે પ્રકાશિત છે તો પછી આવી અધમ, આસુરી, પ્રકૃતિના અજ્ઞાની માણસો કેવી રીતે અસ્તિત્વમાં રહી જ શકે?

સામાન્ય માણસના મનમાં આવા પ્રશ્નો ઉદ્ભવે તે સામાન્ય છે. પ્રકાશના સંસર્ગમાં જ આવવા ન ઈચ્છતી અધમ વ્યક્તિઓ પોતાના અજ્ઞાનના અંધકારને વધુ ગાઢો બનાવતી રહે છે. જ્ઞાનનો પ્રકાશ, સત્યનો પ્રકાશ તેમને ખપતો નથી. વળી પરમાત્માએ સૃષ્ટિનું નિર્માણ પોતાના આનંદ માટે કર્યું છે. પરમાત્મા સ્વયમ્ આનંદ સ્વરૂપ છે. પરમાત્માના બાળકો, આપણે પણ આનંદમાં રહેવા માટે જ સર્જાયાં છીએ.

માનવ જીવનમાં આનંદની, પ્રસન્નત્તાની કિંમત ત્યારે જ અંકાય જ્યારે શોકની, દુઃખની અનુભૂતિ જીવનમાં થઈ હોય. દેવની, સત્યવાદીની, સાત્વિક વ્યક્તિની કિંમત ત્યારેજ અંકાય અને સમજાય જ્યારે જગતમાં દાનવની, અસાત્વિકતાની ઉપસ્થિતિ હોય, અમૃતની કિંમત ત્યારેજ અંકાય જ્યારે વિષની ઉપસ્થિતિ હોય. સુખની કિંમત ત્યારેજ સમજાય જ્યારે જીવનમાં દુઃખની અનુભૂતિ થઈ હોય.

અર્વાચીન યુગમાં સમગ્ર વિશ્વમાં આતંકવાદ વકર્યો છે. દુર્ગુણો અને અસાત્વિકતા ના દૂષણો સમાજમાં, વિશ્વમાં ફેલાઈ રહ્યાં છે. લોકોનું માનસ કેમ આંતકવાદી બને છે? આતંકવાદનું મૂળ શેમાં સમાયેલું છે? આતંક ફેલાવનાર અને માનવ સંહાર કરનાર વ્યક્તિ કે માણસોનો સમૂહ પોતે પણ માણસ છે તો નિર્દોષ માણસો, સ્ત્રીઓ, બાળકો, વૃધ્ધોની હત્યા કરવામાં એમને શું મળતું હશે?

અહ્‌મ ઈર્ષા અને અંધશ્રધ્ધા આંતકવાદના કડવા, કંટાળા વૃક્ષના મૂળિયાં છે. આતંક ફેલાવનાર વ્યક્તિઓને ક્ષણિક આનંદ, ક્ષણિક ગર્વ, ક્ષણિક સુખ સિવાય ઘોડાપુર નિસાસા, અને શાપ મળે છે. હણાયેલા, ઘવાયેલા, મૃત પામેલાઓના સ્વજનોના આર્તનાદો, આંસુઓ તેમને અશાંત, આત્માઘાતી બનાવે છે.

દુવૃત્તિના કાળાં ડીબાંગ વાદળો સાત્વિકતાના પ્રકાશને ઢાંકી છે છે. પૂર્ણપણે પ્રકાશિત થવા દેતાં નથી. રાવણના અહમ્‌ને કારણે રામજીની સાત્વિકતાનો પ્રભાવ તેના જીવનકાળ દરમિયાન તેના પર પડી ના શક્યો. રાવણ રામજીની ગરિમા જાણતો હોવા છતાં તેની આસુરીવૃત્તિને ત્યજી ના શક્યો. અંતે વિનાશ ને નોતર્યો.

આંતકવાદી માનસ ધરાવતી વ્યક્તિઓ કેવી રીતે પેદા થાય છે? કયા કયા પરિબળો આતંકવાદી, આસુરી વૃત્તિવાળી પ્રજા નિર્માણ કરવામાં સહયોગી બને છે?

માનવસેવાનો માતાજીનો આદેશ સ્વીકાર્યા પછી માનવસેવાના કાર્યમાં સમર્પિત થયો છું. ત્યારથી મારા અનુભવના આધારે અને મારા મંતવ્ય મુજબ આસુરી વૃત્તિ નિર્માણ કરનાર પરિબળો નીચે પ્રમાણે હોઈ શકે.

૧. પતિ પત્નિનુ વિછિન્ન ગ્રાહસ્થ્ય જીવન. ઝઘડાળુ અવિવેકી પતિપત્નિ, અસહિષ્ણુ અસંસ્કારી, વાતાવરણમાં પેદા થયેલાં બાળકોમાં અહ્‌મ, ઈર્ષ્યા, ઉત્તેજના અને અન્ય દુર્ગુણોના, વિદ્રોહના બીજ રોપાય છે. બાળકોમાં અસલામતિનો ભાવ વર્તાય છે. સંસ્કારોનું સિંચન ન થયું હોવાથી અસંસ્કારી આવરણમાં બાળક ફસાઈ જાય છે.

૨. કુટુંબનું અસંસ્કારી વાતાવરણ, અહ્‌મ, ઈર્ષ્યા, નિંદા ના દુર્ગુણો નિર્દોષ બાળકોના મનમાં વિષવેલ પ્રસરાવે છે. જે યૌવનકાળમાં સમાજ અને રાષ્ટ્ર માટે આપત્તિ ઉભી કરે છે. વડીલોમાં ખોટી આદતો, નશાયુક્ત સાધનોનો ઉપયોગ, અસંયમી, વર્તન અને વ્યવહાર અશ્લિલતા પેદા કરે છે.

૩. ધાર્મિક શિક્ષણના ઓથા હેઠળ સાંપ્રદાયિક ઝનૂન અને સાંપ્રદાયિક રક્ષાના અવિચારી વિચારો બાળ અને યુવા માનસમાં પ્રસ્થાપિત કરતી કહેવાતી ધાર્મિક સંસ્થાઓ આતંકવાદી, ઝનૂની માનસ ઘડવાનો પ્રયાસ કરે છે.

૪. અશુધ્ધ, અસાત્વિક, ખાણીપીણી માણસોના વિચારોમાં ઉત્તેજના લાવી, શરીરના સ્ત્રાવોમાં વિકાર, રોગ, દૂષણો, ઉત્પન્ન કરી શકે છે. "અન્ન તેવા ઓડકાર" ઉક્તિ અનુસાર અશુધ્ધ, અસાત્વિક માર્ગે મેળવાયેલું ધન, અસાત્વિક માણસો અને વાતાવરણમાં રંધાયેલું અન્ન, આરોગનાર વ્યક્તિના વિચાર અને વર્તનને દૂષિત કરે છે.

૫. ટેલીવિઝન, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ જેવા આધુનિક સાધનોનો દુર ઉપયોગ, અસંયમી ઉપયોગ બિભત્સ, અસંસ્કારી, અશોભનીય દૃષ્યો, માહિતી બાળ માનસને ગેરમાર્ગે દોરે છે. ઉશ્કેરે છે. ખોટો સંગ, અશિષ્ટ મિત્રોનો સંગ વ્યક્તિના વાણી વર્તન વ્યવહારમાં અસભ્યતા પેદા કરે છે.

૬. આધુનિક શિક્ષણ પ્રથા બાળકોમાં ઈર્ષા, દ્વેષભવ, અહ્મ, ચોરી જેવા દુર્ગુણો પેદા કરે છે. આધુનિક શિક્ષણ એક વ્યાપાર બની ગયો છે. ગુરુ -શિષ્ય વચ્ચેની માન મર્યાદાનો લોપ થઈ ગયો છે. શિક્ષક દ્વારા શાળામાં અપાતું શિક્ષણ ફક્ત આજીવિકાના સાધન પુરતું જ. સીમિત બની ગયું છે. જીવનવ્યવહારનું શિક્ષણ શાળામાં તો મળતું જ નથી. ઘરમાં પણ મળતું નથી પશ્ચિમી જીવનશૈલીમાં જીવતા મા-બાપ, બાળકોને આયાઓ પાસે કે નર્સરીમાં ઉછેરવામાં ગૌરવ અનુભવે છે. કુટુંબ, આત્મીયજનો પ્રત્યે પ્રેમનું, આત્મીયતાનું વાતાવરણ સર્જી શકાતું નથી. માતાના ધાવણ દ્વારા મળતાં સંસ્કાર, પોષણ અને વાત્સલ્યથી બાળક વંચિત રહી જાય છે.

રામજીના સમયનું ગુરુકુળનું શિક્ષણ બાળકોને સાત્વિક, સંસ્કારી, સહજીવન જીવવાની કળા શીખવતું હતું. ગુરુ પ્રત્યે માન, મર્યાદા, આદર અને વાત્સલ્ય ભાવ કેળવાતો હતો. રાય અને રંકના રાજા અને પ્રજાના, ધનિક અને ગરીબના બાળકો વચ્ચે શિક્ષણ ક્ષેત્રમાં, ગુરુ કૂળમાં કોઈ જ ભેદભાવ રખાતો નહિં. શિક્ષણનો વિક્રય કરવામાં આવતો ન હતો. બાળકનો સર્વાંગી વિકાસ થાય અને બાળકની રૂચિ અને ક્ષમતા અનુસાર વિશિષ્ટ ક્ષેત્રમાં નિપુણતા મેળવે તેવું શુધ્ધ, નિષ્ઠાપૂર્વકનું શિક્ષણ અને માર્ગદર્શન ગુરુ દ્વારા મળી રહેતું હતું. ગુરુ પોતાની વિદ્યાનો ક્યારેય વ્યાપાર કરતાં નહિં.

૭. રાજસત્તા શિક્ષણના ક્ષેત્રમાં હસ્તક્ષેપ કરતી ન હતી. અર્વાચીન શિક્ષણ પ્રથામાં તેજસ્વી બાળકોને રાજ્યસત્તાના નિયમો અને દખલગીરીના કારણે અન્યાય થાય છે, જેને કારણે બાળકોમાં વિદ્રોહ ઈર્ષાનો ભાવ પેદા થાય છે. ગુરુના, ગુરુકૂળના નિયમો, અભ્યાસ, પ્રણાલિ, નિર્ણયો સર્વેને બંધનકર્તા રહેતા. શિક્ષાગુરુ સંસ્કારી, આદર્શ જીવન પ્રણાલિ પ્રમાણે જ પોતાનું ગ્રાહસ્થ્ય શોભાવતા. રાજસત્તા અને ધનિકો ગુરુકુળના ખર્ચનો નિભાવપોતાની ફરજ સમજીને કોઈપણ જાતની ડખલગીરી કે અપેક્ષા વગર કરતા.

આજે આવી શિક્ષણપ્રથાનું પુનરુત્થાન થાય તો જ સામાજિક ક્રાંતિ લાવી શકાય. સ્વસ્થ અને સાત્વિક સમાજ નિર્માણ કરી શકાય. આતંકવાદના ભોરિંગની વિષવેલને નિર્મૂળ કરી શકાય.

અર્વાચીન યુગમાં સાત્વિકતાનો વિસ્તાર વધે, શિક્ષણપ્રથામાં શુધ્ધિકરણ થાય તેમાં આપ સર્વેનું યોગદાન ઉમેરાતું રહે તેવી શુભેચ્છા સહ આશીર્વાદ.

**ૐમાૐ**

# ।। वन्दे पच्चकम् ।।

તપસ્વી નાન્દી                                                                                    તા. ૪-૯-૨૦૦૦

(આ પાંચ શ્લોકોમાં રાજયોગીશ્રી નરેન્દ્રજીની સ્તુતિ છે. તેમાં દસ વાર " વન્દે નમું છું, વંદુ છું " એવો પ્રયોગ થયો છે માટે તે શ્લોક-પંચકને **वन्दे पच्चकम्** એવું શીર્ષક આપ્યું છે.)

શ્રી સદ્ગુરુજીને બ્રહ્મા-વિષ્ણુ-તથા મહેશરૂપે કલ્પીને તેમને જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના કારણ મનાયા છે એ ભાવ પહેલા શ્લોકમાં વંચાય છે.

**" शिवरूपं सदा वन्दे, वन्दे तं विष्णुरूपिणम् ।**
**ब्रह्मरूपं सदा वन्दे, वन्दे तं विश्वधारकम् " ।।१।।**

શિવ સ્વરૂપ શ્રી સદ્ગુરુને હું નમસ્કાર કરું છું, વિષ્ણુરૂપ તેમને નમું છું બ્રહ્માારૂપે તેમને સદા વંદુ છું. નમસ્કાર હજો તે વિશ્વને ધારણ કરનારને.

( ઉપનિશદમાં એક મહાવાકય છે "**यस्माद ना इमानि भूतानि जायन्ते, येन जातानि जीवन्ति यं प्रत्नयभिसंविशन्तितद्विजिज्ञासस्व । तद् ब्रह्म ।**" અર્થાત્ જેમાંથી આ બધાં પ્રાણીમાત્ર જન્મે છે, જન્મેલાં જેનાથી ટકી રહે છે, જીવે છે, અને અન્તે જેનામાં પ્રવેશે છે, લય પામે છે, સ્થિત થાય છે, - તે જાણ, તે 'બ્રહ્મ' છે. અહીં શ્રીસદ્ગુરૂને 'બ્રહ્મ' સ્વરૂપે વિચારાયાં છે.)

" महर्षिणं सदा वन्दे नीलोषाबहधलालसम् ।
श्री गायत्री सुतं वन्दे वन्दे नं मयूराह्वयम् " ।।२।।

" મહર્ષિ એવા તેમને સદા નમસ્કાર 'નીલોષા'માં જેમને લાલસા છે તેવા શ્રી સદ્ગુરૂને પ્રણામ. ગાયત્રીમાતાના સુપુત્ર - (લાડીલા) ને વંદન વંદન હજો તેમને જેઓ (શ્રીમાના) "મયૂર" નામ પામ્યા છે."

(શ્રી સદ્ગુરૂએ રાજર્ષિ, દેવર્ષિ અને મહર્ષિ એવી ઋષિપરંપરા વિષે વાત કરી છે. પોતે 'મહર્ષિ' પદ પામેલા છે તેવો અહીં ભક્તનો ભાવ છે. વળી 'નીલોષા' બંગલો એ શ્રી માતાજીના આદેશ પ્રમાણે તેઓશ્રીના કાર્યયજ્ઞનું કેન્દ્ર છે. આ શ્લોકમાં એવી કલ્પના છે કે પૂજ્યશ્રીને સમગ્ર સંસારના કલ્યાણનું "**लोकसंग्रहमेवापि संपश्यन् कर्तुमर्हसि**" લોક કલ્યાણને વિચારીને પણ હે અર્જુન તું કાર્ય કર" - એ ગીતા વાકય પ્રમાણે -નીલોષા પૂજયશ્રીના કાર્યયજ્ઞની વેદિકા છે જેમાં "દુઃખિયાનાં દિલનાં આંસુડાં લૂછી, આપશ્રી સતત પુરુષાર્થનિષ્ઠ રહે છે" માટે ભક્ત વિચારે છે કે પૂજયશ્રીને નીલોષા માત્ર જે સકળ સંસારના રક્ષણનું કેન્દ્ર છે જેની આજે જન્મ જયન્તિ છે - તેમાં આપશ્રીને આસક્તિ છે, લાલસા છે. અર્થાત્ પૂજ્યશ્રીને મા ગાયત્રીના આદેશ પ્રમાણે શિસ્તબધ્ધ સૈનિક તરીકેની તેમનીી કર્મભૂમિ તે જ 'નીલોષા' યુરોપ, અમેરિકા અને સમગ્ર વિશ્વમાં ફેલાયેલાં બધાં કેન્દ્રો 'નીલોષા'નાં અંશરૂપ. વળી તેઓશ્રીને શ્રી માએ પયઃપાન કરાવ્યું હતું તેથી 'મા ગાયત્રીના લાડીલા બાળ' તરીકે ભક્તો તેમને સ્મરે છે વળી 'મયૂર' રૂપે તેઓ શ્રી મા આગળ નર્તન કરી પોતાનું સર્વસ્વ શ્રી માના શ્રી ચરણે નિવેદિત કરી

નવધા ભક્તિ પ્રગટાવે છે, નવધા ભક્તિ એટલે,

" श्रवणं कीर्तनं विष्णोः, स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यं चात्मनिवेदनम् ।।
(શ્રીમદ્ ભાગવત ૭/૪/૨૩)

"वन्दे कुसुमनाथं च कैलासे बद्यसौहृदम् ।
योगेशपितरं वन्दे, कन्दर्पस्य पितामहम् ।।" ।।૩।।

કુસુમ (બેન પૂ.મમ્મીજી)ના નાથ, જેમણે કૈલાસ (બેનજી, કૃષ્ણને વિષે જેમ અર્જુન) વિષે સૌહાર્દ કેળવ્યું છે, જે યોગેશના પિતા છે અને કંદર્પના પિતામહ-દાદાજી છે તેવા શ્રી સદ્ગુરૂને પ્રણામ."

આ શ્લોકમાં ભક્તે શ્રી સદ્ગુરૂના બાહ્ય સંસારી સ્વરૂપ અને તેની પાછળ 'अव्यक्त' એવા તેમના જિતેન્દ્રિયત્વનું નિરૂપણ કર્યું છે, ભક્ત જણાવે છે કે, પૂ.શ્રી. કુસુમનાથ-કહેતાં શ્રી કુસુમબેન-પૂ.શ્રી મમ્મીજીના સ્વામી છે. તેઓશ્રી કુસુમોમાં પણ 'નાથ' કહેતાં ઉત્તમ છે. અર્થાત્ તેઓશ્રીનું ચિત્ત ભક્તો વિષે સદા આર્દ્ર, કરુણાથી ટપકતું રહે છે. જેથી તેઓશ્રી "वज्रादपि कठोराणि, मृदूनि कुसुमादपि लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ।। એ કવિ ભવભૂતિના શ્લોકના ઉદાહરણરૂપ છે. આ શ્લોક ઉત્તરરામચરિત નાટકમાં શ્રી રામચન્દ્રજી વિષે લખાયો છે. તેનો ભાવાર્થ છે કે શ્રી રામનું ચિત્ત અને એ રીતે લોકોત્તર વિભૂતિરૂપ મહાપુરુષનું ચિત્ત વજ્રથી પણ કઠોર અને ફૂલથી પણ કોમળ હોય છે. તેને કોણ ઓળખી શકે. આ શ્લોકમાં ભક્તે પૂજ્યશ્રીને આ અર્થમાં 'કુસુમનાથ' - કોમળમાં કોમળ ફૂલસમા વિચાર્યા છે. ભક્તને તેમના વજ્રથી ય કઠોર હૈયાનો વિચાર નથી કરવો કેમ કે ભક્ત તો પૂજ્યશ્રીના ખોળામાં જ જીવે છે તેથી અ -કાર્ય કરીને પૂજ્યશ્રીના ક્રોધનું પાત્ર બને તેવી કોઇ શક્યતા નથી. તેથી તેને માટે તો પૂજ્યશ્રીનાં શ્રી ચરણે જ ફૂલની પથારી છે. જગન્નાથ કવિએ ગંગામાની સ્તુતિમાં ગાયું છે કે "सुखं शेते मातर् , त्वयि निहित-लोकं द्वय भरः " 'આ લોક અને પરલોક બન્નેનો ભાર તારા પર નાખીને હે મા ગંગા, આ તારો બાળક શાન્તિથી સૂતો છે, - એને કોઇ ચિન્તા નથી. આવું જ આ ભક્તનું છે, માટે તેને માટે પૂજ્યશ્રી કેવળ કરુણામૂર્તિ, ફૂલોની - ગુલાબની - સેજ સમા છે.'

પૂજ્યશ્રી 'કૈલાસ' વિષે સૌહાર્દવાળા છે એવું ભક્ત જણાવે છે. એનો મર્મ છે કે પૂ.શ્રી કૈલાસબેનજી, જેમ શ્રીકૃષ્ણના કાર્યયજ્ઞના નિમિત્તરૂપે અર્જુનજી હતા, તે રૂપે પૂ.બ્હેનજી પૂજ્યશ્રીના કાર્યયજ્ઞમાં નિમિત્ત રૂપે સંચાલનમાં જોડાયેલાં છે. તેમને પણ નમસ્કાર અભિપ્રેત છે.

ભાઇશ્રી 'યોગેશ'ના પિતા સ્વરૂપે એક સંસારીઓ માટે વિલસતું પૂજ્યશ્રીનું સ્વરૂપ પણ અહીં ભક્તના ચિત્તમાં તેઓશ્રીના સંસારાતીત રૂપનું પણ ગુણદર્શન છે. એક ઉક્તિ છે, "योगीश्वरं शिवं वन्दे, वन्दे योगेश्वरं हरिम् ।" યોગીઓના ઈશ્વર, મહાયોગી એવા શિવજીને પ્રણામ અને વળી પ્રણામ હજો 'યોગ' ના ઉદ્ગાતા શ્રી હરિને અહીં પૂજ્યશ્રી યોગના પ્રણેતા રૂપે વિચારાયા છે. પૂ.શ્રી. યોગેશ્વર છે.

પૂજ્યશ્રી. પૌત્ર કન્દર્પના દાદાજી, કુટીરનાં બધાં જ વ્હાલાં બાળકોના પૂજ્ય ગુરુ દાદા તો છે જ

તે વાત સ્થૂળ ભૂમિકાની થઇ. પણ આપશ્રી તો કંદર્પના પણ દાદા કહેતાં સાક્ષાત્ કામદેવના વિજેતા છે, શિવજી સ્વરૂપછે તેવો ભક્તનો ભાવ છે. કુસુમનાથમાં પણ 'કુસુમધન્વા' 'પુષ્પધન્વા' એવા કામદેવને પરાજીત કરનાર, અને ષડરિપુની યાદી શરૂ થાય છે કામક્રોધાદિથી. તેથી ષડરિપુઓમાંના મૂર્ધન્ય એવા 'કામ' ને પણ - તેથી ષડરિપુને-પરાસ્ત કરનાર પૂજ્યશ્રી યોગેશ્વર સ્વરૂપ, શિવજી સ્વરૂપે આવિર્ભાવ પામ્યા છે એવી ભક્તની ભાવના છે.)

**"શ્રદ્ધાદીપં સદા વન્દે સંસારાસ્થાચ્છિદં સદા ।**

**ભાવનાયુક્ત ભક્તાનાં અસ્માકં તં પ્રિયંકરમ્ ।।" ।।૪।।**

" શ્રધ્ધાના દીપરૂપ, સંસારમાં આસક્તિને છેદનારા, (અનાસક્ત યોગી ), 'ભાવના'થી યુક્ત ભક્તો - એવા અમારા પ્રિય કરનાર પૂજ્યશ્રીને નમસ્કાર."

( અહીં પૂજ્યશ્રીને ભક્તે 'શ્રધ્ધા' દીપ કહ્યા છે. 'શ્રધ્ધા'માં પૂજ્યશ્રીનો નિવાસ છે. ભક્તની શ્રધ્ધામાં ભગવાનનો વાસ છે. પૂજ્યશ્રી **"પરોપકારાય સાધૂનાં, વિનાશાય ચ દુષ્કૃતામ્"** સાત્ત્વિક, ભલાં, સાધુજનોને વિષે ઉપકાર કરવા તથા દુષ્ટત્ત્વનો - દુષ્ટતાનો વિધ્વંસ કરવા પધાર્યા છે. તથા તે કાર્ય સતત કરતા રહીને ભક્તના શ્રધ્ધા દીપને સદા પ્રજવાલિત કરતા રહે છે એવો આશય અહીં રહેલો છે. આપણે સંસારીએ આસક્તિથી બંધાયેલા છીએ. આ આસક્તિનો પૂજ્યશ્રી છેદ કરી આત્મદર્શન કરાવે છે. આપણને 'સ્વ-રૂપ'માં સ્થાપિત થવા અનુગ્રહ કરે છે. વળી ભાવનાથી - ભક્તિભાવથી- ભરેલા હૃદયવાળાનું તેઓ પ્રિય કરે છે પૂજ્યશ્રી ભક્તોના યોગક્ષેમની પણ ચિંતા કરે છે તથા તેનું વહન કરે છે તેવો ભાવ છે, વળી ભાવનાબેન તે પૂજ્યશ્રીની પુત્રવધૂ દીકરીથી ય જેને વધારે તેઓશ્રી સાચવે છે તે . તે જ રીતે 'ભાવના'-'ભક્તિભાવ' થી ભરેલા અમને પણ તે જ વાત્સલ્યથી તેઓ સાચવે છે, શ્રેય અને પ્રેય બન્ને વિષે શ્રી મા ગાયત્રી જેમ પૂજ્યશ્રીને મસ્તકે, અંગે વ્હાલભર્યો હાથ પસરાવે છે, જેમ પૂ.શ્રી પરસનબા તેમના રાજાને વ્હાલ કરે છે એ જ રીતે વાત્સલ્યમૂર્તિ પૂજ્યશ્રી, એમના ભાવનાભર્યા ભક્તોને વ્હાલ કરે છે. પૂજ્યશ્રી 'ભાવનાવિવશ' બની જાય છે.)

**"પ્રકૃતેઃ સ્વામિનં વન્દે શાન્તાકારં મહદ્ગુરુમ્ ।**

**જગદુદ્ધારકં વન્દે ચક્રિણં ભવનાશકમ્ ।।" ।।૫।।**

પ્રકૃતિના સ્વામી એવા "શાન્ત" આકારવાળા મહાન શ્રી સદ્ગુરુ કે જે જગતના ઉદ્ધારક છે, જેમણે (તે કાર્ય માટે) સુદર્શન ચક્ર ધારણ કર્યું છે અને જે જન્મ - મરણ ના ફેરા રૂપી 'ભવ' નો ભય દૂર કરનારા છે. તેવા પૂજ્યશ્રી રાજયોગી નરેન્દ્રજીને પુનઃ પુનઃ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ હજો.

(પૂજ્યશ્રી સમગ્ર ત્રિગુણાત્મિકા-સત્ત્વ-રજસ-તમોમયી સચરાચર પ્રકૃતિના માલીક છે. 'શાન્ત' આકારવાળા વિષ્ણુસ્વરૂપ છે. **'શાન્તાકારં ભુજગશયનં '** રૂપવાળા છે. પૂજ્યશ્રી અજ્ઞાનતિમિર દૂર કરનાર મહાન ગુરુ છે. તેઓશ્રી આદિ શંકરાચાર્ય અને મહાયોગીશ્રી અભિનવગુપ્તપાદ જેવા - અથવા તેમના આવિર્ભાવરૂપ સમર્થ ગુરુ છે, તેઓ શ્રી ચક્રધારી શ્રી કૃષ્ણસ્વરૂપ છે જેમણે શિશુપાલનો -

અધર્મનો શિરચ્છેદ કર્યો છે. એવા સંસારના - પુનર્ભવના - નાશ માટેના નિમિત્ત છે. " **पुनरपि मरणं, पुनरपि जननीजठरे शयनम्**" જન્મ-મરણના ધક્કામાંથી જીવને ઉગારનાર છે. તેઓશ્રીને નીલોષા કર્મભૂમિના મંગળ જન્મદિને કોટિ કોટિ વંદન)

('તપસ્વિની' ટીકા સાથે वन्दे શ્લોકપંચકના લેખનમાં નિમિત્ત એવા તપસ્વી નાન્દીનાં વંદન હજો. તે વંદનમાં સૌ. હર્ષા, ચિ. સૌ. ચિન્મયી, ચિ.ડૉ.મયૂરભાઇ તથા ચિ.પાર્થ અને ચિ.મિતનાં વંદન પણ આવી ગયાં જાણશો.) પ્રણામ

ૐ મા ૐ

# સમષ્ટિના શ્રેયાર્થે - વર્ષા મંત્ર

ગુજરાતમાં સામાન્ય રીતે જૂન ૧૫મી તારીખની આસપાસ વરસાદ આવે છે પરંતુ આ વર્ષે દોઢ મહિનો ઉપર થઇ ગયો પરંતુ વર્ષાના કોઇ એંધાણ વર્તાતાં ન હતા. પ્રજા પશુ અને ખેડૂત વર્ગ ચિંતિત હતા તેમજ પાણીની અછતની કલ્પના માત્રથી સહુ વ્યથિત હતા. વર્ષાના દેવ વરુણદેવને રીઝવવા જુદા જુદા સંપ્રદાયના ભાવિકો મંત્રજાપ યજ્ઞયાગાદિ કરતા હતા.

વિદેશનો સેવાયજ્ઞ પૂર્ણ કરી સાતમી જુલાઇએ પૂજ્ય ગુરુદેવ અમદાવાદ પધાર્યા રાજ્યની પાણીની પરિસ્થિતિની સમસ્યા અંગે પોતે પણ ગંભીર હતા જ એક સાંજે કુટિરમાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે "જો માતાજી મને કંઇક માર્ગદર્શન કે મંત્ર આપે અને મારે જાતે જ તેના જપ કરવા પડે તો પણ હું સમષ્ટિના શ્રેયાર્થે કરીશ." સંતોના હૃદયની પ્રાર્થના પરમ સુધી પહોંચે જ છે તે અનુસાર તા.૨૪-૭-૨૦૦૨ને બુધવારે પૂજ્ય ગુરુદેવને (રાજયોગી નરેન્દ્રજી) પૂજા વેળાએ ટેલીવીઝનના પડદા પર વંચાય તે રીતે વરસાદ લાવવા માટેનો મંત્ર મળ્યો અને કેવી રીતે કરવો તેનું માર્ગદર્શન પણ મળ્યું જે નીચે પ્રમાણે છે.

**ॐ ह्रीं क्लीं वारिः ईन् ईन् आगच्छ आगच्छ ।।**

**ૐ રીમ કલીં વારિહી ઈન ઈન આગચ્છ આગચ્છ.**

આ મંત્રની દરરોજ ત્રણ માળા ૧૫ દિવસ સુધી દરેક વ્યક્તિએ કરવી. વરસાદ પડવો શરૂ થાય તો પણ પંદર દિવસ સુધી આ મંત્રજાપની ત્રણ માળા ચાલુ રાખવી.

ગુરુપૂર્ણિમાની સંધ્યાએ ભક્તો સમક્ષ આ મંત્રની જાણ કરી. સહુએ ઊમળકાથી મંત્રજાપ કરવા નિશ્ચય કર્યો. ગુજરાતના વિવિધ ગામડાઓ, શહેરો અને કસ્બાઓમાં આ મંત્રના પેમ્પલેટસ (ચોપાનિયાં) વહેંચી ખેડૂતોનો રૂબરૂ સંપર્ક કરી ભાવિકોએ વરુણદેવને રીઝવવા પુરુષાર્થ આદર્યો.

મંત્રજાપના આંદોલનો અને પરમની કૃપાથી મેઘરાજાની પધરામણી થઇ પ્રજા, પશુ અને ખેડૂતો હરખાઇ ગયા. હજુ મેઘરાજાએ મનમૂકીને વરસવાની જરૂર છે.

# ગુરુ પૂર્ણિમા મહોત્સવ

પી.જી.મહેતા હોલના સમગ્ર વાતાવરણમાં આજે ચેતનાનો, આધ્યાત્મિકતાનો, શ્રધ્ધા અને શરણાગતિનો માહોલ વર્તાઈ રહ્યો છે. પ્યારા, દુ:ખભંજન પૂજ્ય ગુરુદેવના દર્શન માટે ભાવિકો શિસ્તબધ્ધ રીતે લાઈનમાં ઉભા રહી પ્રતિક્ષા કરી રહ્યા છે. કાર્યકર્તાઓ શાંતિથી છતાં ઉત્સાહથી જુદા જુદા વિભાગની વ્યવસ્થામાં, સેવામાં ગોઠવાઈ ગયા છે. સવારે ૯ વાગ્યાથી બપોરના એક વાગ્યા સુધી ગંગાના નિર્મળ પ્રવાહની જેમ ભક્તોના ભાવનો નિર્મળ પ્રવાહ અવિરત પણે સાગરસમા પૂજ્ય ગુરુદેવના ચરણાર્વિંદ સમર્પિત થવા વહી રહ્યો છે. પૂજ્યશ્રીના કોમળ સેવાના પ્રતિક સમા ખુલ્લા ચરણના દર્શન કરી ભાવિકો ધન્યતા અનુભવી રહ્યા છે.

આજે મોહનથાળ અને સેવઉસળનો પ્રસાદ બધા જ ભાવિકોને પ્રેમથી પીરસાઈ રહ્યો છે પ્રસાદના સ્વાદમાં પરમના સાદની, સ્નેહની, અમૃતની મીઠાશ અનુભવાય છે. લગભગ ૨૪૦૦ ભાવિકોએ પૂજ્યશ્રીની ચરણ વંદના કરી પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી.

આજે પાંચ બટુકોને પૂજ્યશ્રીએ યજ્ઞોપવિત ધારણ કરાવી મંત્રદિક્ષા આપી. વળી જીવનમાં સદ્‌ગુરુ મેળવ્યાનો સંતોષ માણી આધ્યાત્મિક રાહ પર સરળ ચઢાણ કરવા, આગળ વધવા માટે મંત્રદિક્ષા મેળવી સદ્‌ગુરુનું વાત્સલ્યસભર પીઠબળ મેળવ્યાનો સંતોષ અનુભવવા ધણા ભાવિકો ઉત્સુક હતા જેઓ એક વર્ષથી નિયમિત પૂજ્યશ્રીના આદેશોને અનુસરી પરમશક્તિ મંત્રજાપ કરતા હોય તેવા ૫૮ ભાવિકોને મંત્રદિક્ષા પ્રદાન કરી.

સદ્‌ગુરુના જયઘોષ, જયનાદ અને છડી પોકારીને પૂજ્યશ્રીના આગમનને વધાવી લઇને સાંજે સાડાત્રણ વાગે સાંજની સભાની શરૂઆત કરવામાં આવી.

ગાયક અને વાદ્યવૃંદે ભાવપ્રચુર ભક્તિના રસમાં અને રંગમાં સહુને તરબોળ કરી દીધાં કેટલાક ભક્તોએ પોતાની ભાવોર્મિઓ રજૂ કરી સદ્‌ગુરુદેવ પ્રત્યેનો અહોભાવ વ્યક્ત કર્યો.

પૂજ્યશ્રીએ પોતાની અમૃતવાણી વહાવી જેઓ યુવાન છે અને જેનું જીગર યુવાન છે તેવા ભાવિક ભાઈ બ્હેનોએ આ માનવજીવનને પૂર્ણિમા જેવું શીતળ, મધુર, મોહક બનાવવાની શીખ આપી અને આવું પૂર્ણિમા જેવું પૂર્ણ અને પુણ્યશાળી જીવન બનાવવાની ગુરુચાવી પણ બતાવી.

## માનવ જીવનની પૂર્ણિમા
## ગુરુ પૂર્ણિમા

તા. ૨૪-૭-૨૦૦૨ રાજયોગી નરેન્દ્રજી

વ્હાલા આત્મીયજનો,

પૂર્ણિમાનું ચંદ્રદર્શન સહુ કોઇને મનભાવન લાગે છે. પૂર્ણ ચંદ્રમાંથી નીકળતા કિરણો આપણા ચર્મચક્ષુને મનને, અરે સમસ્ત અસ્તિત્વને શાંતિનો, આનંદનો, શીતળતાનો અનુભવ કરાવે છે. ચંદ્રની

ચાંદની સમસ્ત વાતાવરણમાં શીતળતા અને આહ્‌લાદકતા પ્રસરાવે છે. જડ ચેતન સૃષ્ટિ આનંદથી મલકી ઉઠે છે.

કૃષ્ણ પક્ષમાં ચંદ્રનું તેજ ધીમે ધીમે ક્ષીણ થતું જાય છે. અમાસની રાતે ચંદ્ર સ્વયમ્ આપણી દૃષ્ટિ સમક્ષથી પૃથ્વીપરના આકાશમાંથી વિલિન થઇ જાય છે. શુકલપક્ષ અને કૃષ્ણપક્ષના ચંદ્રના પૂર્ણોદય અને પૂર્ણાસ્તની ઘટમાળ અવિરતપણે ચાલતી જ રહે છે.

જીવનનો પણ શું આ જ ક્રમ નથી ?

**માનવજીવનનો પૂર્ણોદય એ યૌવન છે.** શુકલપક્ષના ચંદ્રની જેમ ક્રમશઃ બાળપણ, કિશોરાવસ્થાના જીવન કાળનો વિકાસ થઇ યુવાન વયે પૂર્ણોદય પામે છે. કૃષ્ણપક્ષની જેમ જીવન ક્રમશઃ પ્રૌઢાવસ્થા અને વૃધ્ધાવસ્થામાં ઢળીને શરીર પંચમહાભૂતમાં વિલિન થઇ જાય છે. માનવ જીવનની જન્મ મૃત્યુની ઘટમાળ કર્મના સિધ્ધાંત અનુસાર ઘટતી જ રહે છે.

વ્હાલા બાળકો **માનવજીવનની પૂર્ણિમા યુવાની છે. યુવાનીમાં જ જીવનનો પૂર્ણોદય કરી શકાય વળી પૂર્ણોદયને પૂણ્યોદયમાં મેળવીએ તો જીવન ગુરુપૂર્ણિમા જેવું બની જાય.** માનવજીવનમાં યુવાનોનું આજ લક્ષ્ય હોય તો યુવાનો ક્રાંતિ સર્જી શકે. આધ્યાત્મિક ક્રાંતિ, વૈચારિક ક્રાંતિ, સામાજિક ક્રાંતિ અને વૈશ્વિક ક્રાંતિમાં પૂર્ણોદયને વરેલા પુણ્યશાળી યુવાનો પોતાનું યોગદાન આપી શકે, માર્ગદર્શક બની શકે.

યુવાનીને પૂનમના ચંદ્ર જેવી કેવી રીતે બનાવી શકાય ? પશ્ચિમની અશ્લિલ સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરતું યુવા માનસ, અરે, સાત્ત્વિકતાના પંથે પ્રયાણ કરવા ઈચ્છતા વિશ્વના કોઈપણ દેશના યુવાનો અનૈતિક, અંધકારમય, ભષ્ટાચારી વાતાવરણમાંથી કેવી રીતે બચી શકે ?

માનવજીવન પ્રારબ્ધ અને પુરુષાર્થના પ્રવાહમાં પ્રવાહિત થતું જ રહે છે. પ્રારબ્ધ પ્રમાણે જ આપણને દેહાકૃતિ, લિંગ (સ્ત્રી કે પુરુષ) શરીરની સૌષ્ઠવતા અને સુંદરતા, અંગ ઉપાંગો, શરીરના સ્ત્રાવોનું સંતુલન વિગેરે જન્મ સમયે જ પ્રાપ્ત થાય છે, જોડાયેલું હોય છે.

આપણું સૂક્ષ્મ શરીર જેમાં મન, બુધ્ધિ, ચિત્ત એટલે કે સ્મૃતિઓનું સંગ્રહાલય, અને અહંકારનો સમાવેશ થાય છે. સૂક્ષ્મ શરીર પણ માનવજન્મની સાથે જ જોડાયેલું રહે છે.

આપણું કારણ શરીર અથવા અધ્યાત્મ શરીર જેમાં સાત્વિક ગુણો, જ્ઞાન, ધાર્મિક વૃત્તિઓ, શ્રધ્ધા અને ભક્તિનો સમાવેશ થાય છે. તે પણ જન્મની સાથે જ જોડાયેલુ હોય છે. સૂક્ષ્મ શરીર અને અધ્યાત્મ શરીર જન્મજન્માંતરથી જોડાયેલું હોય છે. દરેક જન્મે વ્યકિતના બાળપણથી જ તેના સ્વભાવ, ગમો અણગમો દ્વારા તેના વ્યક્તિત્વની પ્રતિતી થાય છે. પ્રારબ્ધ કર્મ અને ઋણાનુબંધ પ્રમાણે જ માતા-પિતા, ભાઈ-બહેન, પતિ-પત્નિ બાળકો કુટુંબના સભ્યો, લોહીના તેમજ પ્રેમના સગપણ, સબંધો, મિત્રો, શત્રુઓ મળે છે. આમાં વ્યક્તિના પોતાની પસંદગી હોઈ શકે નહિં.

પૂર્વજન્મના આસક્તિયુક્ત ફળની, લાભની એષણાથી કરાયેલાં સાત્વિક, રાજસિક કે માનસિક

કર્મોનો વારસો, અધૂરી રહી ગયેલી એષણાઓની માયાજાળ આ જન્મમાં જોડાયેલી જ રહે છે.

ગત જન્મના કે જન્મજન્માંતરથી વારસામાં મળેલા પ્રારબ્ધમાંથી છૂટવા શું કરવું જોઈએ ?

આવતા જન્મમાં પ્રારબ્ધકર્મનો વારસો ન મૂકી જવો હોય કે પ્રારબ્ધ ન જમા કરવું હોય તો શું કરવું જોઈએ ?

આપણને વારસામાં મળેલ માતાપિતાની કે વડિલો પાર્જિત મૂડી, સ્થાવર જંગમ મિલકતનો વિનિયોગ તો આપણે કરવો જ પડે, પરંતુ વિનિયોગ કેવી રીતે કરવો તે આપણા સાત્ત્વિક, રાજસિક કે તામસિક પુરુષાર્થ પર આધારિત છે આપણી વારસાગત મિલકતનો વિનિયોગ કુટુંબ, સમાજ, શૈક્ષણિક અને કલ્યાણકારી પ્રવૃતિઓમાં સમષ્ટિના શ્રેયાર્થે **અહમ્‌ને પોષ્યા વગર માલિક નહિ પણ નિઃસ્વાર્થ વહીવટકર્તાના ભાવથી કરીએ તો આપણને શાંતિ, સુખ અને સંતોષનો અનુભવ થાય, સાત્ત્વિક પ્રારબ્ધ નિર્માણ કરી શકે તેમજ પ્રારબ્ધ કર્મમાંથી છૂટી શકાય.** અનાસક્ત ભાવે, સારા માઠા, નફો નુકસાન રૂપી ફળને ઈશ્વરની ઈચ્છા અને પ્રસાદી સમજી અહમ્‌ને પોષ્યા કે લાગણીને દુભવ્યા વગર ભોગવી લઇએ તો આ જન્મમાં કરેલું કોઇપણ કર્મ બંધનકર્તા બને નહિ તેમજ પ્રારબ્ધરૂપે વારસામાં પણ ન મળે. **આપણું કર્મ કર્મયોગ બની જવું જોઈએ.** આપણો પુરુષાર્થ, સંત સદ્‌ગુરુના આર્શીવાદ અને પરમાત્માની કૃપાનો ત્રિવેણી સંગમ સધાય ત્યારેજ આપણે આપણા પ્રારબ્ધ રૂપે મળેલ કર્મરૂપી વારસાનો વિનિયોગ જનકલ્યાણ અર્થે કરી શકીએ. ઈશ્વરની કૃપા વિના પ્રારબ્ધ મીટાવી શકાતું જ નથી.

પ્રારબ્ધરૂપે મળેલ દુઃખ રોગ, અસુવિધા, ગરીબી, ખોડખાંપણ, પરમાત્માની શરણાગતિ સ્વીકારી કોઇને પણ દોષ દીધા વગર જાતે જ ભોગવી લેવું, સહન કરી લેવું. **સંત સદ્‌ગુરુનું શરણ, માર્ગદર્શન, સત્સંગ, સ્વાધ્યાય અને આર્શીવાદ માનવીનું મનોબળ મજબૂત કરવામાં મદદ કરે છે. સહનશક્તિમાં વધારો કરે છે.** પ્રારબ્ધરૂપે મળેલ સુખ સુવિધાનો વિનિયોગ પરમાત્માની કૃપા પ્રસાદી સમજી, મર્યાદામાં રહી યોગ્ય રીતે વિવેકપૂર્વક સાત્ત્વિકતાથી જ કરવો જોઈએ. આપના સુખમાં અન્યને સહભાગી બનાવો. દુર્વૃતિઓ, દુષણો પ્રત્યે સતત જાગૃત રહો. **સુખમાં સહુ સગાં થાય ત્યારે અનીતિનો પ્રવેશ ન થાય તેની કાળજી રાખવી જોઈએ.**

વ્હાલા યુવાન ભાઈ બ્હેનો, અનૈતિક ભ્રષ્ટાચારી વાતાવરણમાંથી આપના જીવનને આપ પોતે જ બચાવી શકશો, આપનું જીવન સુંદર, સુવ્યવસ્થિત, સુશિક્ષિત અને સુનિયંત્રિત, શિસ્તબધ્ધ કરવાનો પુરુષાર્થ આપ અત્યારથી જ શરૂ કરી દો. કોઈપણ નિર્ણય લેતાં પહેલાં તમારૂં ચારિત્ર્ય અને મનોબળ મજબૂત કરો. **સંકલ્પ શક્તિ વધારો, સંકલ્પ શક્તિ વધારવા માટે શિસ્ત, સંયમ, સહનશક્તિ, સ્વાધ્યાય અને સત્સંગનો આગ્રહ રાખો.** અશ્લિલતાથી દૂર રહો, સાવધાન રહો.

જેનું જીગર જુવાન છે તેવા કોઇપણ ઉંમરના આત્મીયજનો આપ આપના વર્તમાન પ્રારબ્ધનો આદર કરો. ભાવિ પ્રારબ્ધ નિર્માણ કરવાનો પુરુષાર્થ અત્યારથી જ શરૂ કરી દો. **જીવનવી રેખા ભલે ટૂંકી**

**થતી જતી હોય, જીગરને, હૃદયના સ્પંદનોને સદાય વસંતમાં વહેવા દેજો. જીવનની હરપળને પ્રસન્નતામાં જ પસાર થવા દેવી તે આપણા જ હાથની વાત છે.**

દિશાશૂન્ય, ધ્યેયશૂન્ય યુવાનોના જીવનનો મુખ્ય આનંદ આહાર, વિહાર, આળસ અને નિંદ્રામાં જ સીમિત થઈ જાય છે. આ હકીકતની સમજ કદાચ યુવાન માનસમાં હોય તો પણ મનોબળ મજબૂત ન હોવાને કારણે પુરુષાર્થ પાંગળો બની જાય છે. અસાત્ત્વિક, અશુધ્ધ અને અસમતોલ ઉત્તેજનાયુક્ત આહાર માનસિક અને શારિરીક રોગોને નોતરે છે. રોગોને બહેકાવે છે. નોકરી ધંધા કે અન્ય કારણોસર ઘરબહાર જમવાનો પ્રસંગ આવે ત્યારે મિત્રો, સાથીઓની શેહ શરમમાં આવ્યા વગર શાકાહારી અને સાત્ત્વિક ખોરાક અને પીણાંનો આગ્રહ જ રાખો. જમતાં પહેલાં પરમાત્માને યાદ કરીને તેનો પ્રસાદ સમજીને આરોગો.

ક્ષણિક ઉત્તેજનાયુક્ત શોખ, સ્થળો, સાધનો, સંગતિ, દૃષ્યો, વાતાવરણ યુવાશક્તિને ક્ષીણ કરી નાખે છે. અસાધ્ય રોગોમાં સપડાઈ જવાય છે.

આળસ એ શત્રુનું ઘર છે.

" An Idle Mind Is Devil's House "

ઉક્તિ અનુસાર આળસુ મન અસુરનું નિવાસસ્થાન છે. અણગમો આળસને બહેકાવે છે. આળસ સ્થૂલતા શિથિલતાને નોતરે છે. **આળસુ મન અને શિથિલ શરીર રોગોનું ઘર બની જાય છે.**

વધુ પડતી ઉંઘ, નિંદ્રા જીવનના વિકાસને અટકાવે છે. રૂંધે છે. શરીર તેમજ મનને શિથિલ બનાવે છે. શરીરના સ્ત્રાવોમાં અનિયમિતા પેદા કરે છે. યુવાનીનું ખમીર, શક્તિ, ઓજસ અકાળે ઓસરી જાય છે. “અતિરેક સર્વત્ર વર્જયતે” કોઇપણ વસ્તુનો અતિરેક - અતિઉપયોગ અતિ લગાવ ઉચિત નથી.

વ્હાલા યુવાન ભાઈ-બ્હેનો, આપ જાગૃત થાવ પૂર્ણતાને પામવાની પાત્રતા કેળવો, પ્રવૃત થાવ, સંકલ્પ સહિત, દૃઢ મનોબળથી આપના સાત્ત્વિક **પુરુષાર્થનું એક કદમ બઢાઓ, આપને ધ્યેય સિધ્ધિની દિશા મળી રહેશે, દિશા સૂઝાડનાર માર્ગદર્શક પણ મળી રહેશે.** આપનું ભવિષ્ય, આપનું જીવન આપ જ ઉજ્જવળ બનાવી શકશો. **પુરુષાર્થના વારિથી પ્રારબ્ધના બીજને અંકુરિત થવા દો.**

પરમાત્માની સૃષ્ટિના સર્જન, સંવર્ધન અને વિકાસમાં આપનું યોગદાન આપો. આપનું વ્યક્તિત્વ ઉપસાવવા માટે આપે પુરુષાર્થ કરવો જ પડશે. આપે જોયું હશે કે, અમુક વ્યક્તિઓનું વ્યક્તિત્વ અતિ તેજસ્વી હોય છે. આત્મજ્ઞાની સાત્ત્વિક સંતોના મુખારવિંદની આભા કેટલી તેજસ્વી હોય છે! તેમના આભામંડળથી, તેજસ્વિતાથી સામાન્ય માણસો પ્રભાવિત થઇ જાય છે, આકર્ષાય છે. જ્ઞાની, વિવેકી, પ્રેમાળ, સંતોષી, સંત્સંગી સજ્જનોનું આભામંડળ પણ તેજસ્વી હોય છે. સાત્ત્વિકતા, નૈતિક્તાનો નિખાર તેમના સમસ્ત આસ્તિત્વમાં વર્તાયા કરે છે.

આપ આપનું વ્યક્તિત્વ પ્રભાવશાળી અને તેજસ્વી બનાવવા માંગતા હો તો આપ સતત જાગૃત

રહો, પ્રયત્નશીલ રહો, સદ્‌વૃતિઓને વિકસાવો, દુર્વૃતિઓને દૂર કરો. મારી આ સલાહને આપ કેવી રીતે સાકાર કરી શકશો. તેની થોડી રીતો આપને બતાવું છું. પ્રમાણિકપણે પ્રયત્ન કરશો તો પરિણામ અવશ્ય શુભ આવશે જ.

૧. જીવનમાં નિયમિતતા કેળવો, સમયનું ટાઈમટેબલ ગોઠવો અને તેને વળગી રહેવા પ્રયત્ન કરો.

૨. નિયમિત શુધ્ધ, સાત્વિક, સમતોલ આહાર પરમાત્માનો પ્રસાદ સમજીને પ્રેમથી આરોગો, છાંડો નહિ, જમતી વખતે સાત્વિક, મધુર હળવા, પ્રસન્ન વાતાવરણનો જ આગ્રહ રાખો. મધુર સંગીત, હાસ્ય વિનોદથી વાતાવરણમાં આનંદના આંદોલનો પ્રસરશે, ખોરાક જમવામાં મીઠાસ અને પચવામાં હળવાશ અનુભવાશે.

3. વ્યાયામ, કસરત, યોગાસનો, ખુલ્લી હવામાં ચાલવાનું, દોડવાનું, તરવાનું જે કંઈ અનુકૂળ હોય તે નિયમિત કરવાથી શરીરની સૌષ્ઠવતા જાળવી શકાય છે.

૪. તમારામાં છુપાયેલી કળાઓ, શોખ, શક્તિઓને જેવી કે સંગીત, વાંચન, લેખન, ચિત્રકામ, સર્જનાત્મક શક્તિને વિકસવો.

૫. પરમાત્માની જડ ચેતન સૃષ્ટિમાં વિહાર કરો. ઉદ્યાન, સરિતા, સરોવર, સમુદ્ર, ખળખળ વહેતાં ઝરણાં, પર્વતમાળાઓ, ગુફાઓ, પશુપંખીઓ, નિર્દોષ બાળકોની કાલીમીઠી વાણી, પ્રેમાળ વર્તન, સૂર્યોદય અને સૂર્યાસ્તની લાલિમા, કુદરતની સૃષ્ટિનું સાનિધ્ય તમારામાં નૂતન ચેતનાનો સંચાર કરશે. તમારી સુષુપ્ત શક્તિઓ જાગૃત થશે.

**૬. તમારી ફરજ તમારા કર્તવ્યને જ તમારો ધર્મ સમજો** DUTY IS DEITY **ફરજ તે જ દેવ છે. ઊક્તિ અનુસાર નિષ્ઠાપૂર્વક ફરજ - કર્તવ્ય નિભાવો.**

**૭. તમારા વાણી વર્તન અને વ્યવહારમાં એકરૂપતા રાખો. જેથી તમારા સામાજિક વર્તુળમાં વિશ્વાસ સંપાદન કરી શકશો.**

**૮. તમારા સર્વાંગી વિકાસ માટે મારા નવ સિધ્ધાંતોનો જીવનમાં અપનાવો.**

**૯. દિવસનો દસ ટકા એટલે કે બે કલાક અને ચાલીસ મીનીટ ઓછામાં ઓછી પરમાત્માનું સાનિધ્ય અને પરમાત્માની સૃષ્ટિમાં તમારી નિ:સ્વાર્થ સેવાનું યોગદાન આપો. તમારી કમાણીનો દસ ટકા ભાગ જરૂરતમંદોને મદદ કરવામાં અવશ્ય વાપરો, સાત્વિક પુરુષાર્થથી મેળવેલી શુધ્ધ અને શુભ લક્ષ્મીને જ અપનાવો.**

**૧૦. વિવેક, વિનય, શિસ્ત, સંયમ અને સમત્વના ગુણોથી જીવનને શોભાવો.**

**જીવનમાં ફરજ એટલે કે ધર્મ, સંસ્કાર અને નૈતિક મૂલ્યોને પોષવાથી આત્માનું ઓજસ વધે છે. તમારૂં તેજોવલય, આભામંડળ પ્રકાશિત બને છે.**

જીવનને સાત્વિક માર્ગે જ વહેવા દો. ઉચ્ચ આદર્શોને અપનાવો. **આપના ચારિત્ર્યથી જ આપનું વ્યક્તિત્વ ચીતરો.** આપ ભલે કોઇ ધર્મ સંઢફ્ણુદાય માં ન માનતા હો, દેવ દર્શન ન કરતા હો,

તીર્થયાત્રાઓ ન કરી હોય છતાં પણ આપની સાત્ત્વિકતાથી આપ પરમાત્માની નજીક જ છો. અંતરમાં બિરાજેલા અંતરાત્માના અવાજને, સંકેતોને આપ સ્પષ્ટ પહેચાની શકો, સમજી શકો, અનુભવી શકો તો પછી બાહ્ય દેખાવની કોઇ જ આવશ્યક્તા નથી. તમારા વિચારોમાં, તમારી વાણીમાં, તમારા કાર્યોમાં શક્તિ અને સામર્થ્ય વર્તાશે.

તમારો વિશ્વાસ તમારા હ્રદયમાંથી પ્રગટે છે ઉદયમાં શિવનું, પ્રેમનું સ્થાન છે. તમારો વિશ્વાસ એ જ શિવ છે.

તમારી શ્રધ્ધા મનમાંથી મસ્તકમાંથી પ્રગટે છે શ્રધ્ધામાંથી જ શક્તિનો સ્ત્રોત વહે છે. **એટલે શ્રધ્ધા જ સ્વયમ્ માતા - શક્તિ - જગદંબા છે.** શ્રધ્ધા અને વિશ્વાસના સાયુજયથી જ એટલે કે **શિવ અને શક્તિના સાયુજયથી જ આપ આપનું લક્ષ્ય, ધ્યેય સિધ્ધ કરી શકો.**

વ્હાલા બાળકો જગતને તમારી જરૂર છે. સદ્‌ગુરુ પાસેથી મંત્રદિક્ષા લીધી, ગુરુ બનાવ્યા આટલેથી જ જીવન ધર્મમય બની જતું નથી. મંત્રદિક્ષા આપી સદ્‌ગુરુ આપનામાં રહેલી સાત્ત્વિકતાને, સદ્‌વૃતિઓની વાટને સંકોરે છે. સતેજ કરે છે, દિશા સૂઝાડે છે.સત્યને નૈતિક્તાને, સદ્‌ગુણોને જીવનમાં અપનાવવાનો અનુરોધ કરે છે. શિક્ષા ગુરુ આપને શિક્ષણ આપે છે. સાથે સાથે લેસન કરવાનું પણ આપે છે. જે તમારે જાતે ઘરે જઇને પોતાના સમયમાં કરવાનું હોય છે. શિક્ષકના આદેશનું પાલન કરનાર અને નિયમિત લેસન કરી લાવનાર વિદ્યાર્થી પર શિક્ષકની મીઠી નજર રહે છે.

હું આપને લેસન આપવા માંગુ છું, કરશો ને ?

આપને આજે અને અગાઉ આપેલા આદેશો અને આદર્શોને મુખપાઠ કરી આચરણમાં મૂકવાનો સંકલ્પ કરો. સ્વમૂલ્યાંકન કરતા રહો. આપને જીવનની પરીક્ષામાં ઉચ્ચ શ્રેણીમાં પાસ થવું હોય તે પ્રમાણે લેસન કરવાનો પુરુષાર્થ કરજો, આપને શાંતિ અને સંતોષનો અનુભવ જરૂર થશે જ.

વિશ્વમાં સાત્ત્વિકતાનું વાતાવરણ પ્રસરાવવા માટે, માનવતાને મહેંકાવવા માટે અનેક રાજયોગી નરેન્દ્રજીની, સદ્‌ગુરુઓની, સાચા સંતોની, સજ્જનોની જરૂર છે. આપ આપના વર્તૃળમાં, આપના સંસર્ગમાં આવતા સ્નેહીઓ, મિત્રો, બૂરી આદતોમાં અટવાઇ ગયેલાઓના, દિશા શૂન્ય બનેલાઓના સાચા રાહબર બનો. નિઃશુલ્ક, નિર્મળ, નમ્ર, નિરાભિમાન ભાવથી જ, આપ સાચા માર્ગદર્શક બનો. તમારું કર્મ કર્મયોગ બની જશે.

આપ સંનિષ્ઠ શિષ્ય, સેવક ભાવ કેળવી માનવતાના માર્ગદર્શક બનો. પરમાત્માની સૃષ્ટિમાં વ્યાપી રહેલી માનસિક, સામાજિક અને ધાર્મિક અંધશ્રધ્ધાની કલુષિતતાને દૂર કરવામાં વિકારોની વિષવેલને નિર્મૂળ કરવામાં આપનું યોગદાન આપો.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

**ૐ મા ૐ**

# પ્રેમનો પ્યાલો દીધો તે પી ગયો

તા ૩૦-૭-૦૨ સતીષભાઇ ભટ્ટ

સાદર

પ્રેમનો પ્યાલો દીધો તે પી ગયો,
એક ક્ષણમાં તો સદીને પી ગયો.
તરફડી તૃષા રહી'તી રણ મહીં,
આખે આખી હું પરબને પી ગયો.
રાજને રમતા દીઠા જ્યારેય મેં,
દાંડિયાના કંઇ ટકોરા પી ગયો.
દેખીને મુસ્કાન હોઠે રાજનું,
સો વસંતો સામટી હું પી ગયો.
ટહૂકી ઉઠ્યા'તા ટોડલાઓ મન મૂકી,
આવી પડ્યા જે કાન પર તે પી ગયો.
લાંગર્યાં વ્હાણો બધાં છૂટી ગયાં,
આખે આખો હું ય દરિયો પી ગયો.
ઝાઝી રહી'તી પુછતાછો ફૂલની,
કોણ આવીને વસંતો પી ગયો?
શોધખોળો ના મળી તારી છતાં,
શાસ્ત્ર સઘળાં ઘોળીને હું પી ગયો.
એ જ ચર્ચાતું રહ્યું ઉપવન મહીં,
બાંધી બુકાની કોણ ગ્રીષ્મો દૈ ગયો !
હાથ ઝાલો રાજ ! તેથી તો હવે,
હરણ ક્યારે સીતા બનશે, પૂછીને સુઇ ગયો.
ચાલશે શું ચાંદ કે નવલખ સિતારાનું,
રાજનો ચહેરો બધી એ ચાંદનીને લઇ ગયો.

# સાદર પ્રણામ

૭ મી સપ્ટેમ્બર ૨૦૦૨ સતીશ ભટ્ટ

સપ્ટેમ્બર મહિનાની સાતમી તારીખ આપણી પાસે સિત્તેર વખત આવીને ગઇ. આજે ફરી પાછી ઇકોતેરમી વખતે આવીને આપણા ઘરમાં બેઠી છે, નિરાંતે.

પધારો સાતમી - આપનું હાર્દિક સ્વાગત છે આપનો સહર્ષ સ્વીકાર છે. અમારો અંતર ભાવ છે કે રોજ અમારો સૂર્ય સાતમીથી ઉગે છે.

સૌથી પહેલી સાતમી - સન ૧૯૩૨ ની આપણી સાથે કંઇ જુદી વાતચીત કરીને ગઇ હતી. આજની સાતમી કંઇ જુદી જ - બીજી વાત કરી રહી છે.

પહેલી સાતમી કહેતી હતી :- તું બાબો છું.

આજની સાતમી કહે છે :- તું રાજયોગી છું. તુ માનો બાળ છું. તું માનો મોરલો છું. તું માનો સૈનિક છું. અને સારૂંય વિશ્વ કહે છે :- હે પ્રાતઃ સ્મરણીય, હે સદ્‌ગુરૂ, હે જગત્‌ગુરૂ, આપને અમારાં કોટિ વંદન છે.

પહેલી સાતમીની આંખો માત્ર કોઇ કુતુહુલ વૃત્તિથી, કોઇ નૂતન પ્રદેશ - વાતાવરણમાં આગમન થયું તે ભાવથી જગતને નિહાળતી હતી. આજે સ્વયં જગતની આંખો રાજને પૂર્ણ અહોભાવ - પરમાત્મભાવથી પ્રણિપાત કરી રહી છે. સરકાર કી જય હો. જય માતે ! - રહો સાથે.

માનવીએ સમયના પ્રવાહમાં તણાવુ પડે છે. સમય પોતાને રાજના પ્રવાહમાં તણાવુ પડે છે. આ તાસીર છે - વ્યક્તિત્વ, વિરાટત્વ, અસ્તિત્વ, વૈવિધ્ય અવે વિશ્વંભરિ...

રાજતો જેવાને જ્યાં હતા, જેવા ને જ્યાં છે, અને જેવાને જ્યાં હશે - આ ત્રણેય અવસ્થા - પરિસ્થિતિમાં એકજ સ્વરૂપ - સ્થિતપ્રજ્ઞ છે.

તેઓશ્રી કાળથી પર છે - કાલાતીત. તેઓશ્રી તો બાળક છે, કિશોર છે, યુવાન છે, પ્રૌઢ છે અને ઉમેરૂં કે વૃધ્ધ પણ છે. આ બધુ જ એક સાથે છે અને કશુંય પણ નથી.

- રાજને બધું જ સમજવા, માણવા માટે સમગ્ર દૃષ્ટિ અનિવાર્ય છે, શ્રી દવે સાહેબ, શ્રી ગાયત્રી ઉપાસક, શ્રી શાસ્ત્રીજી કે શ્રી રાજયોગી નરેન્દ્રજી - આમ ભિન્ન ભિન્ન સ્વરૂપોમાં - અવસ્થાઓમાં - લિબાસમાં - પોષાકમાં સમજવા અતિ મુશ્કેલ પડશે. હવાની લહેરે ચઢેલા વૃક્ષને ઠેઠ જમીનમાંના મૂળથી ઉપર ઉઠેલા પર્ણ સુધી એક સાથે નિરખવુ પડશે. તો જ વૃક્ષની સાથે વાત કરી શકાશે.

- રાજ તો એક વિરાટ અસ્તિત્વ છે. આ અસ્તિત્વને સમગ્રતાથી જોવું પડશે. સજળ નેત્રે સંબંધ કેળવવો પડશે. આપણી પ્રત્યેક પળને સાવધાન કરવી પડશે. આપણી નિષ્ઠાને દાવપર લગાવવી પડશે.

- આધ્યાત્મિક જગતમાં રાજ ઠોસ વિચાર ધારા છે, પ્રવાહ છે, ભાવ છે, જે આપણે પરમની પડોશમાં લઇ જવા સમર્થ છે.

- કોઇ શબ્દ સૃષ્ટિ એનો સમાવેશ નહિ કરી શકે. રાજ તો સારાય આકાશને ઢાંકી દેતો ભાવ માત્રા છે. રાજ સંપ્રદાય નથી - ધર્મ નથી - તેનાં હારબંધ ઘરોની કોઇ સાંકડી શેરી નથી. રાજ કેવળ અધ્યાત્મ છે.

- અધ્યાત્મ અમાપ હોય, અગાધ હોય, કિનારા ના હોય, દિશા - ખૂણા કે ક્ષિતિજોથી પર હોય.

- અધ્યાત્મ તો કેવળ આકાશ છે.

- રાજ તેથી તો આપણા સૌના અહોભાવ છે. તેમને આપણે ગગનોય મોહં કહીને આજે બે હાથ જોડીને અને મસ્તક નમાવીને વિરમીએ.

આ છે આજની અમારી અભ્યર્થના. હવે ભાવોર્મિ રજૂ -

ૐ મા ૐ

૭ મી સપ્ટેમ્બર ૨૦૦૨ સતીશ ભટ્ટ

"હેપી બર્થ ડે" - કે'વુંય ટૂંકુ ટચ લાગે છે,
આપો ગજ બીજો, અંતર પછીથી માપીએ.
આજ જેવી કાલ આજે માગીએ,
આવતે ભવ 'રાજ' એ સહી માગીએ.
દિલની દોલત લૂંટાવી લો બધી,
ખાલી જગામાં જો કહો તો આવીએ,
આમતો અંતર કશુંય છે જ ક્યાં !
તોય શ્રધ્ધાને નીલોષા માપીએ.
ધોવા ચરણની રીત ક્યાંથી જાણીએ !
સ્પર્શી ચરણને આખે આખા માગીએ.
કૃષ્ણ છે, ત્યાં તો સુદામો હોય છે,
ખૂંચવો તાંદુલ, પછી થી માગીએ.
દિલમાં દાનેશ્વરિ બેઠો છે રાજના,
"ચાલ ! જગ માગે બધું તે આપીએ."
સ્વયં આપજ અમારા છો, પછી શું માગીએ !
મંઝિલ છે જ ક્યાં, શ્રધ્ધા પછીથી ચાલીએ.
આ સાતમીનો સાર શું છે ? - માગીએ !
અમે તો ગો - ધરાના ઘંટનાદો માગીએ.
વીતેલા બાળપણને તો જરા પુછો
પાયાં પય, અમે તો એ જ આહિરણ માગીએ.
શે સમાવીશ રાજને દિલ -બારણે
(સતીશ) વિરાટ નહિ વામન સ્વરૂપે માંગીએ કૈંક સદીઓથી
વનેવન સાદ હું પાડ્યા કરું,
જો મળે તો રાજનો પ્રતિસાદ હું માગ્યા કરું,
જિંદગી આભાર તા'રો એટલે માન્યા કરું,
જેવી અગર તું છે, પરંતુ રાજને ભાળ્યા કરું.

સતીશ ભટ્ટ

# ૨૦૦૨ ની જન્માષ્ટમીની દિવ્યાનુભૂતિની ક્ષણો

નિજ મંદીરેથી કુટીર હીંડોળે આપ આવ્યા, ને
સઘળે ઐશ્વર્ય છવાઇ ગયું.
હે આનંદ ઉદધિ, ઉછાળા એવા લાગ્યા, કે,
અંતરંગ મારૂં ભીંજાઇ ગયું.
સંબોધ્યા ભક્તોને, "વ્હાલા વ્રજવાસીઓ,"
ને શ્યામ, ગૌર રૂપ તમારૂં છતું થયું.
હે અગોચરવાસી ચૈતન્ય એવું વેર્યું કે,
ગોચર સઘળું ચેતનવંતુ થયું.
ક્ષણો તમારા સાનિધ્યની 'ગીતા' ની સ્થિતપ્રજ્ઞતા,
સાચે જ હેયું હાથ ન રહ્યું.
હે રાધા, કેમ કરી મનાવ્યું હશે તેં,
કૃષ્ણ વિરહનું દુ:ખ શેં સહ્યું.
મોરલી અધર ધરીને મીઠા સૂર છેડી,
હે "ગૌર કૃષ્ણ" તેં જાણે શું કહ્યું
દેવોએ દોટ મૂકી 'શ્રધ્ધા કુટીર' ની શોધમાં
સ્વર્ગ સઘળું અહિં આવી રહ્યું.
ક્રિયા કલાપ લીલામય સઘળા તમારા
શ્રધ્ધા વૃંદાવન આજ થયું,
પ્રેમ નર્તન અંગ અંગથી નીતરે ને 'કુટીર' ને,
પદરેણું થવાનું મન 'રાજ' થયું.

રમેશ બારોટ

# પગલાં સેવાના

તા. ૩૦-૮-૨૦૦૨ હેમંત ઉપાધ્યાય

સેવા જેનો શ્વાસ, ને માત આદેશમાં વિશ્વાસ,
સેવા લેવા સહુ ફરે, પ્રભુ તમારી આસપાસ.
પહલે પગલે માતપિતા, શ્રવણનો જેમાં વાસ,
બોલ કદિ ના ઉથાપિયો, ને જીત્યાં હૈયાં કેરી હાશ.
બીજો પગલે પરિવારમાં, લીધી હેતથી સહુની ભાળ,
મલકતાં, વિકસતાં રહે બધાં, અજબ રાખી સંભાળ.
સેવાથી જીત્યાં સ્નેહીઓ, ને મિત્રોનો નહીં પાર,
દિનરાત સરકારી સેવામાં, કદી ન લાગ્યો ભાર.
ત્રીજે ડગલે દીનદુઃખી, ને પ્રેમથી પુરી છે આશ,
નિલોષા બન્યું છે તીર્થ, ને પાંગરી સેવાની સુવાસ.
માત કહે, આ સૃષ્ટિ તારી, ફરતો રહે દેશવિદેશ,
રડતાં સહુને આનંદ દેજે, એજ માત તણો આદેશ.
ચોથે પગલે પ્રેતાત્મા, આશિષ દેતાં ઉડ્યાં આકાશ,
અકસ્માત સહુ અટકી ગયાં, ને પ્રેમે થયો સ્વર્ગવાસ.
ભૂકંપ કેરા ભયથી, દેશમાં પ્રગટ્યો જ્યારે હાહાકાર,
ધરા-શાંતિ વિષ્ણુ રૂપ ચરણથી, ને થયો જયજયકાર.
ફૂટ એન્ડ માઉથ રોગથી, વિદેશમાં ગયાં પશુના જાન,
દીધી મુક્તિ સહૂને પ્રેમથી, ત્યારે થયાં અફાટ વખાણ.
સીમા સુરક્ષા કાજે, રેશમ દોરીએ ધરતીમાં પાડ્યા ચાસ,
યુધ્ધનો વિનાશ વેરાઇ ગયો, ને શાંતિનો થયો સહવાસ.
થયાં હિંસક માનવો જ્યારે, દીધો ભયનાશક સુરક્ષા મંત્ર,
તરસી ધરતી ટળવળતી ત્યારે, અર્પ્યો વરસાદ આવાહ્ન મંત્ર.
વિસ્તરતી સેવા ક્ષિતિજો, નવા આદેશ માત દેતી,
સેવા એજ જીવન તારૂં, સદા માત એમ કહેતી.
હરદિન અહીં સેવાદિન હર પળ પ્રતિક્ષા માત સંકેતની,
સદા લહેરાતો અહીં સેવાધ્વજ, ને માત સદા અહીં મહેંકતી,
માત સદા અહીં મહેંકતી,
ૐ મા ૐ

# પરમની હાટડી - નિલોષા

તા. ૦૪-૦૯-૨૦૦૨

નિજ સ્વાર્થ અળગો કરી, માંડી હાટડી માનવ-સેવાની નિલોષા મુકામ,
નત મસ્તકે આદેશ અનુસરે રાજબાળ, અગોચરથી મા રાખે સઘળું ધ્યાન.

ત્રાજવાં શ્રધ્ધા-શરણાગતિ, કાટલાં નવ સિધ્ધાંત, ને મૂડીમાં મા નું નામ,
કફની-પાયજામો અંગે ધર્યો, સન્મુખ રાખી માવડીને, ગાદી બેઠો શેઠીયો દેદિપ્યમાન.

નલિન-ઉષા બેલડીનો મીઠો આવકાર, સેવકગણ, આગંતૂકને પ્રેમે ચીંધે સ્થાન,
બ્હેનજી તો શીતળ છાયંડી, પોરો ખાઇ હળવા સૌ થાતા, ભૂલી તાપ- સંતાપ તમામ.

ખાલી હાથે આવે સૌ, હસતાં હસતાં ભરતો ઝોળી રહી 'મા' માં મસ્તાન.
આતે કેવો વહેપારી, ઉધાર ખાતાં જમા બોલાવે, ઉપરથી ગાંઠે બાંધે હૈયાની હામ.

કાને ધરે વાત સૌની ધ્યાનથી ને કષ્ટ કાપે, કરી દે સરળ સઘળાં સંસારી કામ,
હું પણું લગાર નહીં, આપ્યાનો ભાર નહીં, આભારનીયે આશા નહીં, લે ન કદી કોઇથી દામ.

ગણતરીબાજ દુનિયા વિચારે, લાંબો ન ચાલે આ વહેવાર, ટૂંક સમયમાં સમેટવો પડશે આને વેપાર,
પણ લોક સમજણની બહાર, વધતો જાય છે. વરસો વરસ, એનો કારોબાર.

સાંજ પડે હિસાબ માંડે, તો વકરામાં, હજારો હૈયાના હોશકારા ને અંતરનો આરામ,
ગણ્યા વિના બાજુએ મૂકે, પરચૂરણ સિક્કા, જે માન-પાન ને લોક સન્માન.

વરસે-દાડે સરવૈયું જોવા પધારે માવડી મોંઘેરી બની મહેમાન
હૈયે હરખ એના નવ માય, જોઇ પાને પાને નફો, ક્યાં નહીં નુકસાન.

ગજ ગજ છાતી ફૂલે મા ની, કેવી વધારી છે, હાટડીની શાખ-આબરૂને શાન,
હેતે હૈયા સરસો ચાંપી બાળને, વિદાય વેળા ગાંઠે બાંધે કૃપા-આશિષનાં અદકેરાં દામ.

ૐ મા ૐ

કેવળ ગુરૂકૃપા-આશિષ થકી.

રમેશ બારોટ

# જીવનની પ્રત્યેક પળ પરમની બનાવીએ

આપણા જીવનમાં જે કંઇ બની ગયું, બની રહ્યું છે અને બનવાનું છે, તે બધું જ કોઇક ચોક્કસ હેતુસર જ ઘટે છે. આ જન્મ અને જન્મો જન્મના આપણા કર્મોનું વાવેતર સંચિત થતું જાય છે, અને જેમ જેમ જે તે કર્મ ફલિત થતું જાય છે, તે તે કર્મનું ફળ સારું કે માઠું, આપણને ગમતુ કે ના ગમતુ આપણે તાત્કાલિક, સમયાંતરે કે પ્રારબ્ધરુપે અન્ય જન્મોમાં ભોગવવું જ પડે છે. આસક્તિ યુક્ત આપણું પ્રત્યેક કર્મ બંધનકર્તા છે.

પુરાણી વાતો છે કે આપણું કર્મ ચિત્રગુપ્તના ચોપડે નોંધાતું જાય છે. ચિત્રગુપ્ત એટલે શું ? ચિત્રગુપ્ત કોઇ વ્યક્તિ કે કર્મનો હિસાબનીશ નથી. ચિત્રગુપ્ત એટલે આપણા કર્મોની છાપ આપણા ચિત્તમાં ગુપ્ત રીતે ચિતરાઇ જાય છે. આમ ચિત્રગુપ્ત એટલે ગુપ્ત ચિત્ર. આપણા કર્મનો હિસાબ આપણા જ અંતઃકરણમાં એટલે કે ચિત્રમાં સંગ્રહાઇ જાય છે. મૃત્યુ પછી બીજા જન્મે આ ચિત્તમાં સંગ્રહાયેલ કર્મનો હિસાબ જેતે કર્મની અવધિ પ્રમાણે પાકે છે, અને ફળ સ્વરૂપે અનુભવાય છે. ભોગવાય છે. પ્રકૃતિનો આ નિયમ છે કે જે તે કર્મનું ફળ ભોગવ્યા પછી જ તે સમાપ્ત થાય છે. વર્તમાન જીવનમાં કર્મ બંધનમાં ન ફસાવવું હોય તો પ્રકૃતિના, પરમાત્માના નિયમને સમજીએ, અને તે અનુસાર આચરણ કરીએ.

કર્મોનો સિધ્ધાંત ગહન છે, પરંતુ સમજીએ તો સરળ છે. આપણે અજ્ઞાનને કારણે જીવનના, સંસારના રાગદ્વેષ અને અહમ્‌ના જાળાં ગૂંથ્યાં કરીએ છીએ, અને કરોળિયાની જેમ એ જાળામાં અટવાઇ જઇએ છીએ, અને અશાંતિને નોતરીએ છીએ.

વર્તમાન જીવનમાં શાંતિ જોઇતી હોય તો આપણા અંતરજગતને સદ્‌ભાવનાથી પુષ્ટ કરીએ, સત્યના પંથે ચાલી જ્ઞાનનો પ્રકાશ પાથરીએ, રાગ, દ્વેષ, અહમ્‌ને છોડી માવાની માયાજાળમાંથી મુક્ત થઇએ, શાંતિ અને સંતોષનો ભાવ આપણામાં પ્રસ્થાપિત કરીએ, વિકસાવીએ અને નિજાનંદમાં ડૂબી જઇએ.

કર્મ બંધનમાંથી છૂટવા માટે આપણું પ્રત્યેક કર્મ આપણો ધર્મ બની જવો જોઇએ, આપણું પ્રત્યેક કર્મ પરમાત્મા માટે અને પરમાત્મા થકી જ થઇ રહ્યું છે, અને તેના પરિણામને પણ પરમાત્માની જ પ્રસાદી સમજીને હસતા મુખે સ્વીકારી લેવી. આવો ભાવ આપણે કેળવીએ તો આપણા જન્મ અને જીવનની પ્રત્યેક પળ પરમાત્માની જ બની રહેશે.

**ૐમાૐ**

# સમાચાર

૧. તા. ૭-૧૦-૨૦૦૨ સોમવારથી આઠ દિવસ આસો નવરાત્રિ છે.
વિશિષ્ટ ઉપાસના કરતા ઉપાસકોને પૂજ્યશ્રી આશીર્વાદ પાઠવે છે.

૨. તા. ૫-૧૧-૨૦૦૨ મંગળવારે નૂતન વર્ષ પ્રારંભ છે.
પૂજ્યશ્રીના દર્શનનો લાભ શ્રધ્ધાકૂટીરમાં સવારે ૯-૦૦ થી ૧-૦૦ વાગ્યા સુધી મળી શકશે.

## સેવા યજ્ઞ - દેશમાં

### સુરત

| | *તારીખ* | *વાર* | *સમય* | *સરનામું* |
|---|---|---|---|---|
| (૧) | ૧૦-૧૧-૨૦૦૨ | શનિવાર | ૧૨-૪ | શ્રી ભગવાનદાસ બી. જરીવાલા |
| | ૧૧-૧૧-૨૦૦૨ | શનિવાર | ૧૨-૪ | વિજયનગર કો. ઓ. હા. સોસાયટી, |
| | | | | દયાલબાગની બાજુમાં |
| (૨) | ૨૨-૦૩-૨૦૦૩ | શનિવાર | ૧૨-૪ | મથુરા ગેટ, |
| | ૨૩-૦૩-૨૦૦૩ | રવિવાર | ૧૨-૪ | સુરત. |

### મુંબઈ - શાન્તાક્રુઝ

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ૧૬-૧૧-૨૦૦૨ | શનિવાર | ૧૨-૪ | ગોવિંદધામ મંદીર, ૭મો ગોળીબાર રોડ, |
| (૨) | ૦૮-૦૩-૨૦૦૩ | શનિવાર | ૧૨-૪ | શાન્તાક્રુઝ. |

### મુંબઈ - ઓપેરાહાઉસ ચર્નીરોડ

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ૧૭-૧૧-૨૦૦૨ | રવિવાર | ૧૨-૪ | લક્ષ્મીબાગ, ઓપેરાહાઊસ, ચર્નીરોડ, |
| (૨) | ૦૯-૦૩-૨૦૦૩ | રવિવાર | ૧૨-૪ | મુંબઈ. |

### નાગપુર

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ૧૯-૧૧-૨૦૦૨ | શનિવાર | ૧૨-૪ | શ્રી વજુભાઈ ગગલાણી |
| | | | | ઈતવારી કો. ઓ. હા. સોસાયટી, |
| | | | | પોસ્ટ ઓફીસની બાજુમાં, નાગપુર. |

### નીલોષા અમદાવાદમાં કાર્યયજ્ઞ બંધ

૧. તા. ૦૨-૧૧-૨૦૦૨ થી તા. ૨૪-૧૧-૨૦૦૨
૨. તા. ૧૩-૧૨-૨૦૦૨ થી તા. ૦૨-૦૨-૨૦૦૩
૩. તા. ૦૭-૦૩-૨૦૦૩ થી તા. ૧૦-૦૩-૨૦૦૩
૪. તા. ૨૦-૦૩-૨૦૦૩ થી તા. ૨૪-૦૩-૨૦૦૩

### નીલોષા અમદાવાદમાં કાર્યયજ્ઞ ચાલુ

૧. તા. ૨૫-૧૧-૨૦૦૨ થી તા. ૧૨-૧૨-૨૦૦૨
૨. તા. ૦૩-૦૨-૨૦૦૩ થી તા. ૦૬-૦૩-૨૦૦૩
૩. તા. ૧૧-૦૩-૨૦૦૩ થી તા. ૧૯-૦૩-૨૦૦૩
૪. તા. ૨૫-૦૩-૨૦૦૩ થી તા. ૧૯-૦૪-૨૦૦૩

ૐમાૐ

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

## ઈંગ્લેન્ડ

| તારીખ | વાર | સમય | સ્થળ | આયોજક | ટેલિફોન |
|---|---|---|---|---|---|
| ૨૧-૧૨-૦૨ | શનિવાર સાંજે | ૩ થી ૬ | ઓલ્ફીન સ્ટ્રીટ, | પ્રદીપ વડેરા | ૦૧૧૬ ૨૩૫૪૬૧૧ |
| ૦૫-૦૧-૦૩ | રવિવાર સાંજે | ૩ થી ૬ | લેસ્ટર. | પ્રદીપ વડેરા | ૦૧૧૬ ૨૩૫૪૬૧૧ |
| ૧૮-૦૧-૦૩ | શનિવાર સાંજે | ૩ થી ૬ | ,, | પ્રદીપ વડેરા | ૦૧૧૬ ૨૩૫૪૬૧૧ |
| ૧૯-૦૧-૦૩ | રવિવાર સાંજે | ૩ થી ૬ | ,, | પ્રદીપ વડેરા | ૦૧૧૬ ૨૩૫૪૬૧૧ |
| ૦૪-૦૧-૦૩ | શનિવાર બપોરે | ૨ થી ૪ | બ્રેડફોર્ડ | સવિતાબેન પટેલ | ૦૧૨૭૪ ૫૦૨૬૬૫ |
| ૧૧-૦૧-૦૩ | શનિવાર સાંજે | ૩ થી ૬ | વેમ્બલી લંડન | અમરતભાઈ પોપટ | ૦૨૦૮૯૦૨૩૦૨૯ |
| ૧૨-૦૧-૦૩ | રવિવાર સાંજે | ૩ થી ૬ | વેમ્બલી લંડન | અમરતભાઈ પોપટ | ૦૨૦૮૯૦૨૩૦૨૯ |

## અમેરિકા

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૫-૧૨-૦૨ | બુધવાર | સાંજે | ૩ થી ૬ | યુનીયન | રતિલાલ મીસ્ત્રી | ૨૦૧૮૬૫૭૨૮૨ |
| ૨૬-૧૨-૦૨ | ગુરુવાર | સાંજે | ૩ થી ૬ | સીટીન્યુજર્સી | રતિલાલ મીસ્ત્રી | ૨૦૧૮૬૫૭૨૮૨ |

## નૂતન વર્ષનો સંદેશ

**માનવ જીવન એ પ્રકાશ છે. પરમના પ્રેમનો પ્રકાશ. આજના શુભ દિને, શુભ સંકલ્પ સાથે પરમના પ્રકાશને આપણા સમસ્ત અસ્તિત્વમાં પ્રગટાવીએ; મૂરઝાયેલા, અટવાયેલા અજ્ઞાનના અંધકારમાં જીવન વ્યતિત કરતા માનવોના જીવનમાં પ્રકાશ પાથરીએ.**

**મારા આશીર્વાદ છે.**

ૐમાૐ

રાજયોગી નરેન્દ્રજી